COMMITMENT TO EXCELLENCE

# અંકુર

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા













# અંકુર–વિહંગાવલોકન

## વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૨૦૧૭



કબજીયાત
એ શરીરની અનેક તકલીફોનું મૂળ છે.
SHETH BROTHERS
AYURVEDIC MEDICINE
KAYAM CHURNA
કાયમ ચૂર્ણ
કાયમ રાત્રે લ્યો અને સવારથી સ્વસ્થ રહો
USEFUL IN CHRONIC CONSTIPATION, HEADACHE, HYPERACIDITY ETC.
CAN BE TAKEN DAILY WITHOUT HARM
MFGD. BY : SHETH BROS.
ISO 9001 : 2008
તથા GMP પ્રમાણિત
કબજીયાત
એસિડિટી,
ગેસ,
અપચો,
માથાનો દુખાવો,
મોઢામાં ચાંદા
આયુર્વેદિક
કાયમ ચૂર્ણ
વર્ષો જુની કબજીયાત દૂર કરી તેના કારણે ઊભી થતી તકલીફોથી આપને બચાવી શીતળતા અર્પી સ્ફૂર્તિમય દિવસ પસાર કરવાની પ્રેરણા આપે છે.
ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન
ગુજરાતના સુપ્રસિદ્ધ વૈદ્ય શ્રી રસિકભાઈ કે. શેઠની ફોર્મ્યુલાના આધારે નિર્દોષ ઔષધિ–વનસ્પતિઓમાંથી બનાવેલ
કાયમ ચૂર્ણ
અસરકારક, સુરક્ષિત અને આડઅસર રહિત છે.
www.kayamchurna.com

# અંકુર-વિહંગાવલોકન

## વાર્ષિક અહેવાલ ૨૦૧૬ – ૨૦૧૭

COMMITMENT TO EXCELLENCE

સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા તથા
સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | | |
|---|---|---|
| માર્ગદર્શક | : | શ્રી વિનોદ હકાણી |
| સંપાદન | : | શ્રી પરીક્ષિતભાઈ ભટ્ટ |
| સંકલન | : | શ્રી મેઘજીખાન સાયબાણી |
| | | શ્રી નેહલબેન ગઢવી |
| | | શ્રી આરીફ જેઠવા |
| હિસાબી અહેવાલ | : | શ્રી વિનુભાઈ રાઠોડ |
| | | શ્રી પ્રમોદભાઈ ગાંધી |
| ટાઈપ સેટીંગ્ઝ/લે-આઉટ | : | શ્રી મયુર રાઠોડ |

**"ANKUR" IS WORKING AS AN N.G.O.
UNDER ONE UMBRELLA OF P.N.R. SOCIETY, BHAVNAGAR.**

## VISION:

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative.

## MISSION:

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs

## લીગલ સ્ટેટસઃ-

- ટ્રસ્ટ રજી. નં. ઈ.૪૫૯ તા. ૨૫/૦૧/૧૯૮૦
- પી.ડબલ્યુ.ડી. એકટ ૧૯૯૫ રજી.નં. ૭૨/૯૭
- નેશનલ ટ્રસ્ટ રજી. નં. GANK/૧૫૫૧૦૪૬૬૬૨૪ તા. ૧૩/૦૨/૨૦૧૭
- ઈન્કમટેક્ષ PAN-AAATA2757Q
- ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ રજી. નં.૦૪૧૯૮૦૦૬૨ તા. ૨૭/૦૧/૨૦૦૯ (સંસ્થા વિદેશી દાન માટે અધિકૃત છે)
- ડોનેશન ઈન્કમ ટેકસ એકટ સેકશન ૮૦-જી હેઠળ કરમુકત

## સંપર્ક

'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
પ્લોટ નં.૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ,
ભાવનગર - ૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)
ફોનં નં.: (૦૨૭૮) ૨૫૬૬૯૫૬ / ૨૫૭૩૦૩૮
શ્રી અલ્પેશભાઈ શેઠ (માનદ્ મંત્રી) મો. ૯૯૨૫૫૩૭૮૭૮ - alpesh7878@gmail.com
શ્રી વિનુભાઈ હકાણી (માનદ્ ટ્રેઝરર) મો. ૯૪૨૮૧૦૮૭૩૨ - vinodhakani@gmail.com

---

Ankur Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956 / 2573038
Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. 9925537878 - alpesh7878@gmail.com
Shri Vinubhai Hakani (Hon. Treasurer) Mo. 9428108732 - vinodhakani@gmail.com
E-mail: ankurmrschool.bvn@gmail.com
Visit us : www.ankurspecialschoolbhavnagar.org
http://www.facebook.com/ankurmrschool

# ઉઘડતે પાને...

બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વતી વાયબ્રંટ અંકુરનો વર્ષ ૨૦૧૬-૧૭નો વૃત્તાંત તમામ મેમ્બર્સ, બેનીફિશ્યરીઝ, સ્ટેકહોલ્ડર, ડોનર્સ, સંસ્થા-પરિવાર તથા વાલીઓ સમક્ષ મુકતાં મને આનંદ થાય છે.

વિકલાંગતાના ક્ષેત્રની કેટલીક મહત્ત્વની ઘટનાનો નિર્દેશ અસ્થાને નહિં ગણાય.

PWD Act ૧૯૯૫ના બદલે નવો સર્વગ્રાહી RPD Act ૨૦૧૬ અમલમાં આવ્યો જેમાં ૭ને સ્થાને ૨૧ પ્રકારની અપંગતાનો સમાવેશ કરી સમાજના લગભગ તમામ સ્તરને આવરીને સૌને ન્યાય આપવાનો સંનિષ્ઠ પ્રયત્ન થયો છે, સાથે કાનૂનભંગ બદલ સજાની પણ જોગવાઈ દાખલ થયેલ છે.

પ્રધાનમંત્રી દ્વારા વિકલાંગો માટે આદરવાચક 'દિવ્યાંગજન' શબ્દ પ્રયોગ તેમજ 'Assessible India' - સુગમ્ય ભારત અભિયાન સાથે એડલ્ટ ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ માટે સ્કિલ ડેવલપમેન્ટ, ટ્રેઈનિંગ, એમ્પાવરીંગ, જોબ પ્લેસમેન્ટ માટે માત્ર 'વાતો' નહિં પણ પરિણામલક્ષી સકારાત્મક પરિવર્તન આવ્યું છે, જે અભિયાનમાં આપણે પણ સામેલ છીએ.

RPD બિલ્સના ડ્રાફ્ટરૂલ્સ માટે ઉચ્ચસ્તરીય શ્રેણીબદ્ધ મિટીંગમાં આપણા સન્માનનીય શ્રી બાબાભાઈએ તથા ડો. ધંધુકિયાસાહેબે વખતોવખત હાજર રહી અગત્યની ભૂમિકા નિભાવી છે, જે સંસ્થા માટે ગૌરવની વાત છે.

ગુજરાત સરકાર દ્વારા જુના ગ્રાંટ-ઈન-એઈડ કોડને સમયને અનુરૂપ નવું કલેવર આપવા સુધારા માટે મંગાયેલ સુચનો પણ 'અચ્છે દિન' ના સૂચક છે.

થોડો નિર્દેશ અંકુર બાબત :

'અંકુર' આખુ વર્ષ ઓલ એરાઉન્ડ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું.

શાળા પ્રવેશોત્સવ થી લઈ

ચિફ મિનિસ્ટર શ્રી વિજયભાઈ રૂપાણી સાથે રક્ષાબંધનનો અવસર

ભવ્ય રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ...

ખેલ-મહાકુંભમાં કેશ એવોર્ડ સહિત ઉત્કૃષ્ટ દેખાવ...

બેંગ્લુરુ AMBA ના કોમ્પ્યુટર ટ્રેઈનીંગ પ્રોગ્રામમાં 'અંકુર'ના વિદ્યાર્થીઓનું પાર્ટીસિપેશન...

'અંકુર'ના રાકેશ રાઠોડે મેળવેલ 'બેસ્ટ એમ્પ્લોયી એવોર્ડ'...

'અંકુર'ની વેબસાઈટનુ લોન્ચીંગ

રાંચી (ઝારખંડ) ખાતે આયોજિત ઈન્કલ્યુઝીવ એજ્યુકેશનના ઈન્ટરનેશનલ સેમિનારમાં સુશ્રી રેશ્માબેન શાહનુ પ્રભાવી પ્રેઝન્ટેશન

વોકેશનલ સેન્ટરમાં નવા મોડેલનો પ્રયોગ...

ઉપરાંત બાળકો-વાલીઓ, સ્ટાફપરિવારના એમ્પાવરમેન્ટ અને નોલેજ શેરિંગને લગતા સેમિનાર્સ, કોન્ફરન્સ, એડવોકેસી, ઈ-લર્નીંગ, વેલ્ફેર, રિલેશનશીપ, નેટવર્કીંગ લાયેઝન, ગવર્નન્સ સેન્સેટાઈઝેશન વગેરે તમામ ક્ષેત્રે થયેલ નોંધપાત્ર કામગીરીનુ પ્રતિબિંબ આપ અહેવાલમાં જોઈ શકશો.

૩૫ AC હેઠળ ૧૦૦% ઈન્કમટેક્ષ કરમુકિત નાબુદ થતાં ડોનેશન નો પ્રવાહ ઘટયો છે, જેથી CSR પર આપણે વધુ મહેનત કરવી રહી.

આંગળીયે બાળક અને આંખોમાં વિષાદ સાથે આવતા વ્યથિત મા-બાપનું કાળજું કોરી ખાતી એક જ ચિંતા હોય છે કે તેની હયાતિ પછી તેના આ હતભાગી, ઉપેક્ષિત મંદબુધ્ધિ સંતાનનું શું થશે ?

અમને અફસોસ છે કે અંકુરની હોસ્ટેલ કે રેસીડેન્શિયલ કેર બાબત અમે ખાસ આગળ વધી શકયા નથી...!

અંકુરનો સર્વગ્રાહી વિકાસ ટીમ-સ્પિરીટને આભારી છે.

પી.એન.આર. સોસાયટીના અડીખમ સ્થંભસમા આદરણિય શ્રી નટવરભાઈ દેસાઈ, અંકુરના ડેર્શીગ ચેરમેન માનનીયશ્રી પ્રકાશભાઈ દેસાઈ, વિકાસ પુરૂષ માનનીયશ્રી બાબાભાઈ, વર્કોહોલિક આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, સંન્નિષ્ઠ સ્ટાફ પરિવાર, સેવાભાવી ટ્રસ્ટીશ્રીઓ, વોલીન્ટીઅર્સ, ઉદાર દાતાશ્રીઓ, વાલીઓ, મીડિયા, સરકારશ્રી અને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે જોડાયેલ અનેક શુભચિંતકો-સૌ યશના અધિકારી છે

મારા સાથી મિત્રો સહિત આ સહુનો હું આભાર વ્યકત કરું છું.

ઈશ્વરનાં અનુગ્રહ થી અપૂર્ણાંક ને પૂર્ણાંક કરવાનો શ્રમયજ્ઞ અહીં અવિરત ચાલે છે.


આ પરમાર્થિક સેવાયજ્ઞમાં જોડાવા આપ સૌને આગ્રહભર્યું નિમંત્રણ છે.

આપના અભિપ્રાયને અમે આવકારીએ છીએ.

ધન્યવાદ

નિમિત્ત માત્ર

| | | |
|---|---|---|
| અલ્પેશ શેઠ<br>માનદ્ મંત્રી | વિનોદ હકાણી<br>માનદ્ ટ્રેઝરર | પ્રકાશભાઈ દેસાઈ<br>ચેરમેન |



***Destiny is Not a Matter of Chance***
***It is a Matter of Choice***
***It is Not a Thing to be Waited for***
***It is a Thing to be Achieved***

# ઉપક્રમ



- અંકુર... અમારી વાત...
- અમારું... ગૌરવ...

૧. જનજાગૃતિ - વિવિધ થેરાપીઓ ........ ૧૦
૨. મિટીંગ્સ ........ ૧૫
૩. પ્રસંગો, ઉત્સવો, પીકનીક, રમત-ગમત, સાંસ્કૃતિક, અન્ય ........ ૧૭
૪. કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, કેમ્પ્સ, એજ્યુકેશનલ વિઝીટસ્ ........ ૨૮
૫. એડલ્ટ વોકેશનલ એન્ડ ક્રિએટીવીટી ટ્રેઈનિંગ સેન્ટર ........ ૩૧
૬. નેશનલ ટ્રસ્ટ - ન્યુ દિલ્હી ........ ૩૨
૭. ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ - લાઈબ્રેરી - પબ્લિકેશન ઈન્ફોર્મેશન ........ ૩૪
૮. વિવિધ યોજનાઓ ........ ૩૬
૯. માનવંતા મુલાકાતીઓ ........ ૩૮
૧૦. ઋણ સ્વિકાર ........ ૩૯
૧૧. વાલીઓનો પ્રતિસાદ ........ ૪૧
૧૨. ‘અંકુર’ પરિવાર ........ ૪૪

- દાનની અપીલ ........ ૪૭
- સંસ્થાની જરૂરિયાત ........ ૫૦
- આર્થિક અવલોકન ........ ૫૧

# HIGHLIGHTS OF ACTIVITIES
## ANKUR SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN, BHAVNAGAR

- DETECTION AND DIAGNOSIS CAMPS
- SCREENING AND ADMISSION
- PARENT'S COUNSELING



# અંકુર... અમારી વાત...

## અંકુરણથી વટવૃક્ષ સુધીની વિકાસયાત્રા...

અંકુરના અંકુરણથી વટવૃક્ષ સુધીની વિકાસાત્રાનો આ એક પડાવ છે. અંકુર એક વિશિષ્ટ શાળા છે, જે માનસિક દિવ્યાંગો માટેનો મુકામ છે. અહીં આવા વિશિષ્ટ બાળકોની દેખભાળ, તાલીમ અને શિક્ષણ દ્વારા પોતાનામાં રહેલી ક્ષમતાઓનો પરિચય કરાવી અને તેમનો સર્વાંગી વિકાસ થાય, તે ખાસ જોવામાં આવે છે. સાથે તેમની સામાજિક રીતે સ્વિકૃતિ; સમરસતા અને તેમના કૌશલ્યનુસાર તથા ક્ષમતાનુસાર તે આર્થિક રીતે પગભર થાય, ત્યાં સુધીની પ્રક્રિયા પરિપૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય પાર પાડવામાં આવે છે. આ વિકાસયાત્રા ફકત અંકુરની જ નથી, પરંતુ તેની સાથે સંલગ્ન બાળકો; વાલીઓ; શિક્ષકગણ; દાતાઓ અને સંસ્થા સાથે જોડાઈને સીધી યા આડકતરી રીતે આમાં મદદરૂપ થનાર એ તમામ લોકોની પણ છે. દર વર્ષે બાળકો અને વાલીઓ અંકુર દ્વારા કંઈક પામે છે, જેનો અમને પૂરેપૂરો વિશ્વાસ છે. આ કાર્યો દ્વારા અહીંનો શિક્ષકગણ;સમગ્ર સ્ટાફ અને ટ્રસ્ટીગણ પણ એક સંતોષની પરિતૃપ્તિ અનુભવે છે. આ વિકાસ યાત્રામાં એ તમામ કાર્યોને વધુને વધુ શ્રેષ્ઠ રીતે કરવા માટેનું મનોમંથન અને આત્મખોજ તો અવિરત ચાલુ જ હોય છે ત્યારે, આપના અમૂલ્ય સૂચનો આપશો તો આ વિકાસયાત્રા વધુને વધુ ઉત્તમ બની રહેશે. અસ્તુ.




## વિદ્યાર્થીઓની સંખ્યા

| વર્ષ | છોકરાઓ | છોકરીઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૫ - ૨૦૧૬ | ૯૩ | ૪૬ | ૧૩૯ |
| ૨૦૧૬ - ૨૦૧૭ | ૯૫ | ૪૦ | ૧૩૫ |
| એડલ્ટ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર | ૨૦ | ૧૬ | ૩૬ |

*Teach Me Skills,*
*Do Not Treat My Ills.*

# આપનુ સન્માન અમારે નામ

માળાના મણકામાં ફરતો દીવાની જયોતે ઝળહળતો,
ખુદ હું થઈ જઈ મારો ઈશ્વર હું મારામાં મોજ કરું છું.
ઉડઉડ કરું છું મારી પાંખે હું મારામાં મોજ કરું છું,
કાપીને જોજનના અંતર હું મારામાં મોજ કરું છું. - નિતીન વડગામા

**અમારું ગૌરવ**




- VYO - વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન - ભાવનગર દ્વારા તાજેતરમાં યુવા વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના મંગલ સાનિધ્યમાં મેમ્બર્સની શપથવિધી, શ્રેષ્ઠીશ્રીઓનું સન્માન તેમજ ભવ્ય સાંસ્કૃતિક કાર્યકમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના માનદ્ ટ્રેઝરરશ્રી વિનોદરાય એન. હકાણીના પોતાના મનોદિવ્યાંગ બાળકની અવર્ણનિય જવાબદારીઓ નિભાવવા બદલ તેમજ અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં અવિરત માનદ્ સેવા આપવા બદલ. પ.પૂ.ગો ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદયશ્રી, શ્રી જીતુભાઈ વાઘાણી (ગુજરાતરાજય પ્રદેશ પ્રમુખ-ભાજપ) તેમજ શ્રી વી.વી. વઘાસિયા (રાજયકક્ષાના મંત્રીશ્રી કૃષિ શહેરી ગૃહનિર્માણ)ના વરદ્હસ્તે મેમેન્ટો આપી સન્માનિત કરી તેમની વિશિષ્ટ સેવાઓને બિરદાવવામાં આવેલ.




- રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ દ્વારા દર વર્ષે વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે વિવિધ એવોર્ડસ્ આપવામાં આવે છે, જેના અનુસંધાને સ્વ. શ્રી નંદીની પી. દિવેટીયા રૂરલ રિહેબીલીટેશન એવોર્ડ ફોર ડિસેબલ્ડ-૨૦૧૬નો 'બેસ્ટ ડિસેબલ્ડ એમ્પ્લોયી એવોર્ડ' આપણી શાળામાં કાર્ય કરતા રાકેશ રાઠોડે શ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે મેળવી રાજય કક્ષાએ 'અંકુર' શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ એવોર્ડ તૈયાર કરવાની સંપૂર્ણ કામગીરી શ્રી નેહલબેન ગઢવીએ કરેલ.

# વેબ-સાઈટ લોન્ચીંગ


'અંકુર' શાળામાં મંદબુધ્ધિ બાળકોને માટે હૂંફભર્યા અને એકદમ મુકત વાતાવરણમાં તાલીમ અને અભ્યાસ દ્વારા બાળકને મહદ્અંશે સ્વતંત્ર અને પગભર કરીને તેને સામાજિક રીતે સમરસ કરવા અને મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટે સતત કાર્યો થાય છે.

આ બધી પ્રવૃત્તિઓ રોજનીશી કે આવા વાર્ષિક અહેવાલ દ્વારા અમુક-તમુક સમયે જ આપના સુધી પહોચે છે. 'અંકુર' સંસ્થાએ આ દિશામાં એક કદમ વધુ આગળ જઈને તેની પોતાની વેબસાઈટ બનાવી છે. http://ankurspecialschoolbhavnagar.org આ એડ્રેસ છે 'અંકુર' શાળાની વેબસાઈટનું જેમાં શાળાની તમામ વિગતો જેવી કે-સંસ્થાની શરૂઆત, વિઝન, મિશન, શાળાની તમામ પ્રવૃત્તિઓ-વગેરે હવે આપ એક કિલકથી જોઈ શકશો. આ વેબસાઈટનો હેતુ આવા બાળકો અને તેના માટે કાર્યરત અને માર્ગદર્શક રહીને પીઠબળ પૂરું પાડનારાઓ, બાળકોની જરૂરિયાતો જણાવવાનો તથા ઉદાર દાતાઓને સમાજના અન્ય લોકોની વધુ નજીક લાવીને જોડવાનો છે.

તા. ૦૫/૦૩/૨૦૧૭ના રોજ યશવંતરાય નાટ્યગૃહ ખાતે સંસ્થાના વાર્ષિક દિન નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ)ના વરદ્હસ્તે અંકુર શાળાની વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવેલ.

આ વેબસાઈટની પરિકલ્પનાને સાકાર કરવામાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી ઉદયભાઈ ભટ્ટનો સિંહફાળો છે. સંસ્થા આ અવસરે તેમનો હૃદયપૂર્વક આભાર માને છે તથા તેમની સાથે જોડાઈને આ કાર્ય પરિપૂર્ણ કરવા માટે પોતાનો નાનો-મોટો સહયોગ આપનાર તમામનો આભાર માને છે.



# ૧. જનજાગૃતિ, વિવિધ થેરાપીઓ

## ૧.૧. જનજાગૃતિ

૮ ડિસેમ્બર **‘વિશ્વ માનસિક વિકલાંગ દિન’** તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. સામાન્ય માણસોમાં માનસિક વિકલાંગતા અંગે જાગરૂકતા આવે અને આ લોકો પણ સમાજનું જ એક મહત્વનું અંગ છે, અને તેમને સન્માનભેર સ્વીકારી તેઓને પગભર કરવામાં મદદરૂપ બનીએ, તેવા ઉમદા આશયથી ‘વિશ્વ માનસિક વિકલાંગ દિન’ની ઉજવણીના ભાગરૂપે ‘વળાવડ કન્યા વિદ્યાલય’ની ૫૩ વિદ્યાર્થીનીઓ તથા ‘શ્રી દોલતઅનંત વળીયા હાઈસ્કુલ’ની ૭૦ વિદ્યાર્થીનીઓ શાળાની મુલાકાતે આવ્યા હતા. જેને સંસ્થાના શિક્ષકશ્રી પારૂલબેન પાઠક તેમજ શ્રી આરીફભાઈ જેઠવા દ્વારા મંદબુધ્ધિત્વ વિશે તથા અંકુર શાળા વિશે માહિતગાર કરેલ.




## ૧.૨. મેડીકલ કેમ્પ

દર વર્ષની માફક આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા આયોજીત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના કુલ ૧૪૪ બાળકોની સ્વાસ્થ્ય સબંધિત તપાસ કરવામાં આવી હતી. તેમજ ગંભીર તકલીફવાળા ૪૨ બાળકોને ‘સંદર્ભ કાર્ડ’ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.







**કોઈ માણસ એમ કહે કે એણે કદી ભૂલ કરી નથી. તો ચોકકસ માનજો કે એણે જાતે કદી કોઈ કામ કર્યું નથી.**

## ૧.૩. વિવિધ થેરાપીઓ ...

### ૧.૩.૧ .મ્યુઝિક થેરાપી

સંગીત સાંભળવાની, ગાવાની, કે વાદ્ય વગાડવાની કોઈપણ સ્થિતિમાં સંગીત દ્વારા મનુષ્ય શરીરમાં રહેલા ત્રિદોષ - વાત, પિત્ત, કફની માત્રા સપ્રમાણ જળવાઈ રહે છે. જેથી રોગપ્રતિકાર શકિત વધે છે, અને શારીરિક-માનસિક સ્વસ્થતા જળવાઈ રહે છે. ઔષધિરહિત આ ચિકિત્સા કોઈ આડઅસર વગરની છે. સંગીતની મદદથી શરીરના દરેક તંત્રનું કાર્ય (પાચનતંત્ર, ઉત્સર્જનતંત્ર, શ્વસનતંત્ર વગેરે..), રકતવાહિનીઓની ગતિ, તરલ દ્રવ્યોનું સ્તર વગેરે જળવાઈ રહે છે. માનસિક અને શારીરિક રીતે નબળા બાળકોમાં કોમ્યુનિકેશન તથા મોટરસ્કિલને વિકસિત કરવામાં ઘણો મોટો ફાળો સંગીત આપી શકે છે. બાળકોમાં આઈ-હેન્ડ-કો-ઓર્ડીનેશન થવામાં સંગીત ખુબ ઉપયોગી નીવડે છે. તેમજ એકાગ્રતા, ધીરજ, સંપની ભાવના, આત્મવિશ્વાસ, સાહસ, પ્રેમ, કરુણા, દયા, યાદશકિત, પ્રમાણિકતા, કાર્યક્ષમતા, પ્રવૃત્તિશીલતા, સમજણશકિત, ભાષાજ્ઞાન આવા ઘણાં બધાં તત્વોનો વિકાસ બાળકોમાં સંગીત દ્વારા કરી શકાય છે.

સમગ્ર વર્ષ દરમ્યાન મ્યુઝિક થેરાપીમાં કુલ નીચે મુજબ સેશન આપવામાં આવેલ. અંકુર શાળામાં ચાલતા મ્યુઝિક થેરાપી વિભાગમાં આ વર્ષે યોગ, ડ્રોઈંગ તથા ક્રાફ્ટ શીખવવાનું પણ શરુ કરેલ છે. જેમાં ખુબ સફળતાઓ મળી છે.

| | | |
|---|---|---|
| ૧. વર્ગ પ્રમાણે કુલ સેશન | : | ૫૯૧ |
| ૨. વ્યકિતગત થેરાપી સેશન | : | ૨૬૩ |
| ૩. યોગ સેશન | : | ૧૬૮ |
| ૪. ડ્રોઈંગ અને ક્રાફ્ટ સેશન | : | ૧૬૪ |



સેવા હૃદય અને આત્માને પવિત્ર કરે છે. સેવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. સેવા જ જીવનનું પરમ લક્ષ્ય છે.

## સકસેસ સ્ટોરી –



બાળકનું નામ :- હેત બાબુલભાઈ ઠાકર ઉંમર :- ૧૨ વર્ષ
આઈ.ક્યુ. ૩૦ થી ૩૫ (૯૦%) વર્ગ :- પ્રાયમરી-૧

'હેત' પોતાના નામના જ ગુણ ધરાવતો હેત, જેને જોઈને કોઈપણને પોતાનું હેત તેના પર વરસાવવાનું મન થાય તેવું વ્યકિતત્વ ધરાવે છે. સ્વભાવે શાંત અને નિરૂપદ્રવી છે. ભગવાનના સાનિધ્યમાં જ જન્મ થયો છે. અને ભગવાનના સાનિધ્યમાં જ ઉછરીને મોટો થઈ રહયો છે તેવો હેત, જાણે ભગવાનનું જ નાનું રૂપ લાગે તેવો છે. હેત ગોવર્ધનનાથજી-હવેલી પરીમલ ભાવનગરના મુખિયાજીનો દિકરો છે. જેથી તે હવેલીમાં જ રહે છે. પરિવારમાં માતા-પિતા તથા મોટી બહેનનો અવિરત પ્રેમ મળતો રહે છે. તથા હવેલીએ આવતા જતા દરેક સંતો, મહંતો અને ભકતોને તે પ્રિય છે.

સહુનો પ્રિય હેત જેનું જીવન આટલું સરસ છે તેના વિશે એક મહત્વની વાત જાણવી જરૂરી છે કે હેત એક 'મંદબુધ્ધિ' બાળક છે. અને મંદબુધ્ધિની સાથે જ તેને શારીરિક તકલીફો પણ છે. સ્પીચની તકલીફને કારણે તે બોલી શકતો નથી. પણ છતાં મુખમુદ્રા ખુશખુશાલ.

જાણે ઠાકોરજીની સેવા કરતા હોય તેજ રીતે તેની માતા સુનંદાબહેન હેતને સાચવે, શાંતિથી તેને બધુ શીખવે. હેત ૮ વર્ષનો થયો ત્યારે તેનું 'અંકુર' શાળામાં એડમિશન થયું અને તેનું ૪ વર્ષથી નિયમિત શાળાએ આવવાનું શરૂ થયું. અલગ-અલગ પ્રવૃત્તિઓની સાથે તેને મ્યુઝિકથેરાપી આપવાનું પણ શરૂ થયું. થોડા દિવસમાં હેતમાં રહેલી પ્રતિભા અને તેની પસંદગીનો ખ્યાલ મને આવવા લાગ્યો. હવેલીના કીર્તન હાલરડાની જેમ સાંભળીને મોટો થતો હેત કીર્તન સાંભળવા કલાકો સુધી બેસી રહેતો. ભજન ગાતા કલાકારોની બાજુમાં બેસી તે અનુકરણ કરતો થઈ ગયો હતો. જયારે કોઈ ન હોય ત્યારે તબલા, ઝાંઝ, મંજીરા, હાર્મોનિયમ સાથે તે રમતો, હેતના તો રમકડાં અને મિત્રો જ આ વાદ્યો હતા. અને તેથીજ અંકુરમાં આવ્યા બાદ તેને મ્યુઝિકથેરાપી રૂમ ખૂબજ ગમે છે. ત્યાં આવી તે તબલા વગાડતાં થાકતો નથી.

રમતાં-રમતાં સંગીત જેવા અદ્ભૂત વિષયમાં પડેલો હેત આજે તબલાની તાલીમ લેતો થઈ ગયો છે. ખૂબજ કૂણા અને અશકત હાથ હોવા છતાં તબલાં પર હેતના હાથ પડે ત્યારે જાણે ખૂબજ શકિતશાળી વ્યકિત તબલા વગાડતો હોય તેવો અનુભવ થાય છે. પોતાની અસ્પષ્ટ ભાષામાં તાલના બોલ પણ બોલતો જાય છે. અને તબલામાં તે તાલને વગાડવાનો પ્રયત્ન કરે છે. હેતને લાંબા સમય સુધી તબલા વગાડવામાં થાક લાગતો નથી. માઈક ન હોય તો પણ તેના તબલાવાદનનો ધ્વનિ ઘણે દૂર સુધી સાંભળી શકાય તેવો જોરદાર હોય છે. ૧૨ વર્ષની વયે આજે પણ પેન્સીલ પકડવાની તકલીફ ધરાવતો હેત, સંગીત બાબતે જાણે ભગવાનના સંપૂર્ણ આશિર્વાદ મેળવીને આવ્યો હોય તેવું લાગે છે.

અંકુર શાળામાં આવી હેતને જાણે યોગ્ય દિશા મળી હોય તેવું લાગે છે. સંગીતમાં કોઈ પારંગત કલાકાર સમકક્ષ તે ભલે ન બની શકે પણ સંગીતની મદદથી બીજી ઘણી બધી પ્રવૃત્તિઓમાં તે સ્વતંત્ર બની શકે તેવી શકયતાઓ દેખાય છે. આજે મ્યુઝિક થેરાપીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, વર્ગશિક્ષક તથા તેના ઘરના સભ્યોના અથાક પ્રયત્નો અને પ્રયાસો પર હેત ખરો ઉતરતો જાય છે. તે સ્વતંત્ર રીતે ચાલી શકે છે, પગથિયા ચડી ઉતરી શકે છે. જાતે જ જમી શકે છે. થોડું-થોડું દોડી શકે છે, કપડાં પહેરતાં શિખી રહયો છે. બીજા બાળકોની સાથે મળી દરેક પ્રવૃત્તિમાં ભાગ લેતો થયો છે.

ડો. ભાવના અંધારિયા (M.A. Ph.D)
(મ્યુઝીક થેરાપીસ્ટ)

## ૧.૩.૨.ફિઝીયોથેરાપી



મંદબુધ્ધિ એક એવી તકલીફ છે જેમાં બાળકના મગજનાં વિકાસમાં અસર પડે છે તેની સાથે સાથે તેમના શારીરિક વિકાસમાં પણ ઘણાં જ ફેરફાર થતા હોય છે. મંદબુધ્ધિ બાળકોને સ્નાયુનું ઢીલાપણું, કઠણપણું, લાળ પડવી, ચાલવાની ખોટી રીત, કરોડરજ્જુની રચનામાં તફાવત દેખાય છે આવી ઘણી જ તકલીફો જોવા મળે છે. શરીરમાં વધારાની ચરબી જમા થાય છે જેથી બાળકમાં મેદસ્વીતા (Obesity) પણ જોવા મળે છે. સાથે Posture પણ બદલાયેલું જોવા મળે છે. હાથની પકડ ઓછી હોવી, Moment અને Rom માં પણ ફેરફાર વગેરે જેવી તકલિફો મંદબુધ્ધિના બાળકોમાં જોવા મળે છે.

ફિઝીયોથેરાપી સારવાર ખર્ચાળ છે. તેથી તે ઘણાં વાલીઓને પોસાય તેમ નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને શાળામાં ફિઝીયોથેરાપીની સારવાર આપવામાં આવે છે.

કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૪૦ કુલ સેશન : ૧૩૪૦

## સકસેસ સ્ટોરી –

બાળકનું નામઃ- ગુજરીયા મોહીત વિજયભાઈ ઉંમરઃ- ૧૨ વર્ષ

આઈ.કયુ. ૫૦ થી ૬૯ વર્ગઃ- પ્રાયમરી ૧



મોહીત ગુજરીયા જયારે અંકુરમાં દાખલ થયો ત્યારે તેના જમણા હાથમાં તકલીફ હતી. તેનો હાથ ખભા પાસેથી ઉંચો થતો ન હતો, કોણીથી વળતો ન હતો. આંગળીઓની પકકડ પણ ખુબ જ નબળી હતી. તેને ફિઝીયોથેરાપીની સારવાર આપવામાં આવી અને તેની સાથે તેના માતા-પિતાને પણ માર્ગદર્શન આપ્યું. જેના પરિણામરૂપ આજે મોહિતની પકકડ સારી થઈ છે. તે પોતાની જાતે બ્રશ પકડી શકે છે, નાની વસ્તુ પકડી શકે છે. હાથનો ૭૦% ઉપયોગ કરતો થઈ ગયો છે. તેને લાળ પડવાની પણ સમસ્યા હતી. જેમાં ગાલના સ્નાયુને Strengthening Exercise આપવાથી હાલમાં ઘણોજ ફેરફાર જોવા મળે છે.

ડો. રાધિકા રાઠોડ (B.P.T.)
(ફિઝીયોથેરાપીસ્ટ)

**સફળતા કદી કાયમી હોતી નથી, તે જ રીતે નિષ્ફળતા પણ કાયમ માટે રહેતી નથી.**

### ૧.૩.૩. સ્પીચ થેરાપી વાણી વિકાસ – કોમ્યુનિકેશન



લોકો માટે 'મંદબુધ્ધિ' જ એક સમસ્યા છે, જેમાં સૌથી મોટો પ્રશ્ન એ વાણીનો છે. આપણે-સામાન્ય લોકોને પળવાર માટે મૌન રહેવાનું આવે, મનની વાત કે પોતાની જરૂરિયાત કહી જ ન શકાય તેવી પરિસ્થિતી આવે તો? કેટલો મુંઝારો થાય? કેવી તકલીફ પડે? જ્યારે આવી કાયમી સ્થિતિ ધરાવતાં, ને એમાંય ઉંમર સાવ નાની હોય તો? વિચાર જ અકળાવી મૂકે તેવો છે ને? તો આવા બાળકો માટે કે જેઓમાં ઘણી બધી ક્ષમતાઓ હોવાં છતાં તેઓ જ્યારે વાચા/વાણીની સમસ્યાથી પિડાય છે ત્યારે, તેમના માટે દૈનિક જીવનમાં, રોજ-બ-રોજના કાર્યોમાં તેને ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે.

આવા બાળકોને અમારા દ્વારા અપાતી સમગ્ર તાલીમ પાછળનું મુખ્ય હાર્દ તેમની આ પરિસ્થિતિમાં વધુમાં વધુ સુધારો લાવી, તેને તેમાંથી બહાર લાવવાનું છે. તેની આ સમસ્યામાં તેને મદદરૂપ થવા, સુધાર લાવવા દરેક બાળક પાછળ તેની જરૂરિયાત મુજબ એક ચોક્કસ 'એકશન-પ્લાન' બનાવવામાં આવે છે. ત્યારબાદ શરૂ થાય છે તેની સઘન તાલીમ. અઠવાડિયામાં બે વાર તેને આ તાલીમ અપાય છે. માત્ર એટલું જ નહીં, પરંતું તેના વર્ગ-શિક્ષકને પણ ખાસ સૂચના અપાય છે કે વર્ગમાં તેની પ્રવૃત્તિઓ દરમ્યાન બાળક તેને અનુસરે, તેનો અમલ કરે. આ ઉપરાંત, વાલીને પણ બાળક ઘરે અમુક પ્રયત્ન કરે તે માટે તેને પ્રેકિટસ કરાવે. તેની સૂચના અપાય છે. આમ, 'અંકુર'ની આ તમામ પ્રવૃત્તિઓ પાછળનો આશય, બાળક વધુમાં વધુ સારી રીતે બોલીને તેની લાગણીઓ પ્રદર્શિત કરી શકે તેવો છે.

કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : પર કુલ સેશન : ૧૧પર

મને તમે ઉગારો એવી મારી પ્રાર્થના નથી, પણ હું તરી શકું એટલું બળ મને આપજો.

# ૨. મિટીંગ્સ

## સંસ્થાની વાર્ષિક મિટીંગ (AGM)

તા. ૧૧/૦૯/૨૦૧૬ના રોજ સંસ્થાની ટ્રસ્ટ તેમજ કાર્યવાહક કમિટીંની વર્ષ ૨૦૧૫-૧૬ની વાર્ષિક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા વાર્ષિક અહેવાલ તેમજ માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણી દ્વારા ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. તેમજ બજેટ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલી હતી. અંતમાં અંકુરની સુંદર કામગીરીને બિરદાવવામાં આવી અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવામાં આવેલ.


### ૨.૧ બુધસભા, સંવાદો, સ્નેહ અને સમજનું આદાન–પ્રદાન

- તા. ૦૮/૦૬/૨૦૧૬
  - લોગબુક અને હાજરી પત્રકની કામગીરી અંગે વિચાર વિમર્શ.
  - યોગ દિવસ અને પ્રવેશોત્સવની ઉજવણી અંગે ચર્ચા.
- તા. ૩૦/૦૬/૨૦૧૬
  - શાળાને લગતા જનરલ મુદ્દાઓ અંગે વિચાર વિમર્શ.
- તા. ૧૩/૦૭/૨૦૧૬
  - કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી ડી. જે. ધંધુકિયાસાહેબનું ઈન્કલુઝીવ એજ્યુકેશન વિષય ઉપર વકતવ્ય ગોઠવવામાં આવેલ, જેમાં તેમણે આ વિષય પર અગત્યની માહિતી આપી હતી.
- તા. ૧૦/૦૮/૨૦૧૬
  - રક્ષાબંધન, ૧૫મી ઓગષ્ટ અને જનમાષ્ટમીની ઉજવણીઓ અંગે વિચાર વિમર્શ તેમજ કામગીરી વહેચણી.
- તા. ૦૫/૧૦/૨૦૧૬
  - નવરાત્રિ પ્રોગ્રામ અંગે ચર્ચા તેમજ કામગીરીની વહેચણી.
- તા. ૧૪/૧૦/૨૦૧૬
  - ખેલ મહાકુંભ અંગેનું આયોજન તથા તેને લગતી અન્ય કામગીરી અંગે વિચાર વિમર્શ.
- તા. ૨૬/૧૦/૨૦૧૬
  - મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટ જુનાગઢ સંસ્થાની C.D. નિહાળેલ તેમજ અમલમાં મુકવા યોગ્ય મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવેલ.

  અમારી વિકલાંગતા પણ અમને નવું શિખતા અટકાવી નહીં શકે.
- તા. ૨૩/૧૧/૨૦૧૬
  - 'વિશ્વ માનસિક વિકલાંગ' દિવસની ઉજવણી અંગે વિચાર વિમર્શ.
  - 'નેરેટીંવ થેરાપી' વિશે શ્રી જયપાલભાઈ તેમજ શ્રી પારસભાઈએ માહિતી પુરી પાડેલ.
- તા. ૨૧/૧૨/૨૦૧૬
  - પી.એન.આર સોસાયટીનાં ૭ થી ૯ જાન્યુઆરીના પ્રોગ્રામની તૈયારી અંગે તેમજ 'નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે'ની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.
- તા. ૧૮/૦૧/૨૦૧૭
  - પ્રજાસત્તાક પર્વ ઉજવણી અંગેની કામગીરીની વહેંચણી.
  - સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.
- તા. ૧૩/૦૪/૨૦૧૭
  - વાર્ષિક વાલી મિટીંગના આયોજન અંગે વિચાર વિમર્શ.
  - અંબા પ્રોજેકટ (બેંગાલુરું) અંગે શિક્ષક શ્રી જયપાલભાઈનું પ્રેઝન્ટેશન

## ૨.૨. અર્ધ વાર્ષિક વાલી મિટીંગ

તા. ૨૫/૧૦/૨૦૧૬ના રોજ શાળામાં અર્ધવાર્ષિક વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલું. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રથમ સત્રને અંતે બાળકની પ્રગતિ અંગેનો અહેવાલ આપવામાં આવેલો. વિશેષમાં આ વાલી મિટીંગ અંતર્ગત નાલ્સા કાનુની સેવા દ્વારા એક કાનૂની માર્ગદર્શનના વર્કશોપનું પણ આયોજન કરવામાં આવેલું. જેમાં શહેરના પ્રિન્સીપલ જજશ્રી ખેરસાહેબ, શ્રી પટેલસાહેબ તેમજ ઓ.એસ. શ્રી કિશોર ભાટકિયા દ્વારા વાલીઓને ખૂબજ સરળ શૈલીમાં કાનૂની માર્ગદર્શન આપેલું અને વાલીને મૂંઝવતા પ્રશ્નોનાં સચોટ અને સરળ ઉપાય બતાવવામાં આવેલાં. આ




પ્રોગ્રામમાં કાર્યવાહક કમિટીના સભ્યશ્રી ધંધુકિયાસાહેબ, સંસ્થાના માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણીની ખાસ ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધી આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલી.

## ૨.૩ વાર્ષિક વાલી મિટીંગ




તા. ૨૫/૦૪/૨૦૧૭ના રોજ શાળાની વાર્ષિક વાલી મિટીંગ યોજાયેલ. શિક્ષક શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણ દ્વારા સુંદર રીતે શ્લોકગાનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલી. ત્યારબાદ આવેલા મહેમાનોનું શિક્ષકશ્રી જયપાલભાઈ ગોહિલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિના લેખાં-જોખાં રજુ કરવામાં આવેલાં. માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા શાળા અંગેની વાતો કરી પોતાના વિચારો સુંદર રીતે રજુ કર્યા હતા. કાર્યવાહક કમિટીના સભ્યશ્રી ડી.જે. ધંધુકિયાસાહેબે શાળા-વાલીઓ અંગેની વિવિધ ભુમિકાઓ અંગે વિશેષ વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયા દ્વારા વાલીઓને અગત્યની સુચનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા, અને વાલીઓનો પણ અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો. બાળકોને ખુબજ કાળજીપુર્વક અને માવજતથી લાવવા-લઈ જવાની સુંદર કામગીરી નિભાવવા બદલ દરેક રીક્ષાચાલક ભાઈઓનું સન્માન કરવામાં આવેલું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠકે કર્યુ હતું. સંચાલન શ્રી રાધિકાબેન રાઠોડ અને આભારવિધી શ્રી રેશ્માબેન શાહે કરેલી.

કોઈ પણ પરિસ્થિતિમાં ગમે ત્યાં હો, પરંતુ મનમાં કમજોરી આવવા ન દો. જ્યાં રહો ત્યાં મસ્ત રહો.

# ૩. પ્રસંગો, ઉત્સવો, પીકનીક, રમત–ગમત, સાંસ્કૃતિક, અન્ય

### ૩.૧ શાળા પ્રવેશોત્સવ

તા. ૧૬/૦૬/૨૦૧૬ના રોજ શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવેલો. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની શ્રી ધારા ત્રિવેદીની પ્રાર્થનાથી કરવામાં આવેલી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને તેમને પુષ્પગુચ્છ અર્પણ કર્યો હતો. આ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શાળામાં નવા પ્રવેશ પામેલ ૨૫ બાળકોને વિધિપૂર્વક તિલક કરી, મોં-મીઠું કરાવીને શૈક્ષણિક-કિટ તેમજ યુનિફોર્મની ભેટ આપીને આ વિશિષ્ટ શિક્ષણના ક્ષેત્રમાં સ્વાગત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) પી.એન.આર. ના મંત્રીશ્રી અનંત કે. શાહ (બાબાભાઇ) સંસ્થાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ કે. શેઠ તથા માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી હિનાબેન ગળથરીયાએ કરેલું. સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી હરદિપભાઈ કામળીયાએ કરેલ.







### ૩.૨ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



તા. ૧૫/૦૮/૨૦૧૬ના રોજ સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવેલી. જેમાં શાળાના કારોબારી સભ્યશ્રી અનિરૂધ્ધસિંહ ગોહિલ (રંગોલીવાળા)ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઇ શેઠ, માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઇ હકાણી, કર્મચારીગણ તથા બાળકો હાજર રહયાં હતાં.

ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષકશ્રી હરદીપભાઇ કામળીયાએ કરાવેલી. ત્યારબાદ બાળકો દ્વારા રમત-ગમત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવેલો. કાર્યક્રમનું સંચાલન શ્રી કિષ્નાબેન રૂપેરાએ તથા આભારવિધી શ્રી પારૂલબેન પાઠકે કરેલી. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીના માર્ગદર્શન નીચે ખૂબ જ સરસ રીતે સંપન્ન થયો હતો.

**તમારા મોમાં શું જાય છે તે મહત્ત્વનું નથી પણ તમારા મોમાંથી શું નીકળે છે તે મહત્ત્વનું છે.**

### ૩.૩ મુખ્યમંત્રીશ્રી સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી



તા. ૧૮/૦૮/૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલી.

ભાવનગર પૂર્વના ધારાસભ્ય તેમજ ગુજરાતના પ્રથમ મહિલા સંસદિય સચિવશ્રી વિભાવરીબેન દવે તેમજ સંસ્થાના કારોબારી સભ્યશ્રી દેવલભાઈ શાહના પ્રયત્નોથી શાળાની ૧૫ (પંદર) દિવ્યાંગ બાળકીઓએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, કેરગીવર શ્રી શમીમબેન મકવાણા તેમજ કેરટેકર શ્રી રેખાબેન ચુડાસમા ખાસ સહભાગી થયેલા.

### ૩.૪ જન્માષ્ટમી પર્વની ઉજવણી

તા. ૧૯/૦૮/૨૦૧૬ને શુક્રવારના રોજ ભારે ઉત્સાહ-ઉમંગથી શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાની તાલીમાર્થી શ્રી ધારા ત્રિવેદીએ શ્લોક ગાન કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.





શાળાના કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી દેવલભાઈ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટ દ્વારા અભિવાદન કરવામાં આવેલું. ત્યાર પછી શાળાના બાળકો અને સ્ટાફ દ્વારા 'મટકીફોડ' કાર્યક્રમ રજુ કરવામાં આવેલો. ત્યારબાદ કૃષ્ણભકિતનાં ગીતો પર બાળકોને રાસ રમાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે શેઠ બ્રધર્સવાળા શ્રી દેવેનભાઈ શેઠ તેમજ શ્રી મહેશભાઈ ભટ્ટ (પ્રમુખ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોર્મસ ભાવનગર), શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ તથા પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતરાય એ. શાહ (મફતભાઈ) શાળાના બાળકોનો ઉત્સાહ વધારવા ખાસ ઉપસ્થિત રહેલાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ તેમજ આભારવિધિ આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલી.

**ભારતની દરેક ચીજ મને આકર્ષિત કરે છે. ભારતમાં બધું જ છે જે માનવીને પોતાની ઉચ્ચતમ આકાંક્ષાઓની પ્રાપ્તિ માટે અપેક્ષિત હોય.**

### ૩.૫ નવરાત્રિ પર્વની ઉજવણી




તા. ૦૬/૧૦/૨૦૧૬ના રોજ આદ્યશકિત માં અંબાના પર્વ નવરાત્રિની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગની શરૂઆત ડો. શ્રી ભાવનાબેન અંધારિયાના પ્રાર્થના અને શ્લોકગાનથી કરવામાં આવેલી. સંસ્થાના કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી દેવલભાઈ શાહ દ્વારા આવેલ મહેમાનોનુ શાબ્દિક તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફમિત્રો તેમજ વાલીઓ દ્વારા ભાવસભર સમુહ આરતી કરવામાં આવી હતી. બાળકો, વાલીઓ તથા સ્ટાફમિત્રોએ રાસગરબા રમવાનો લ્હાવો લૂંટયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી નીમુબેન બાંભણીયા, શ્રી જીતુભાઈ સોની (સેક્રેટરી, ગોલ્ડન ગ્રુપ), જે.પી. પાન્ડેયસાહેબ (D.R.M. પશ્ચિમ રેલ્વે), ગુજરાતી ફિલ્મ 'આપણે તો છીએ બિન્દાસ' ફિલ્મના



ડાયરેકટરશ્રી નિશાંત દવે તેમજ કલાકારોએ આ નવરાત્રિ પ્રોગ્રામમાં હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું.

- સિલ્વર બેલ્સ સ્કૂલ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવમાં શાળાના ૩૦ બાળકો તેમજ ૩ સ્ટાફ મિત્રોએ ભાગ લીધેલો.
- નવરાત્રિ અંતર્ગત અંકુર શાળાના બાળકોએ અગ્રવાલ સમાજ દ્વારા આયોજિત નવરાત્રિ ઉજવણીમાં ભાગ લીધેલ.




### ૩.૬ વૃક્ષારોપણ

તા. ૩૧/૦૭/૨૦૧૬ના રોજ ભાવનગરપૂર્વના ધારાસભ્ય તેમજ સંસદીય સચિવશ્રી વિભાવરીબેન દવે દ્વારા આતાભાઈ ચોક ખાતે અંકુર શાળાના બાળકોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.



**ઈનામ કે ધનદોલત તમને સામે ચાલી મળી આવશે પણ જ્ઞાન તો મહેનતથી મેળવવું પડશે.**

### ૩.૭ પીકનીક

- સરવણીયા મહાદેવ - લાખણકા ખાતે તા. ૩૧/૦૮/૨૦૧૬ના રોજ શાળાના બાળકો માટે સરવાણીયા મહાદેવ ખાતે પ્રવાસ યોજાયો હતો. જેમાં શાળાના ૧૨૦ બાળકો તેમજ સ્ટાફ મિત્રોએ આનંદ અને ઉલ્લાસ સાથે પ્રવાસને હોંશભેર માણ્યો હતો. આ સમગ્ર પીકનીકનો સંપૂર્ણ ખર્ચ સંસ્થાના શુભેચ્છક શ્રી અરવિંદભાઈ શેઠ તરફથી આપવામાં આવેલ.




- **Top-3 Resort** - ગૌસ્વામી પરિવાર તરફથી તા. ૦૧/૧૦/૨૦૧૬ના રોજ Top-3 રીસોર્ટ ખાતે એક પીકનીકનું આયોજન કરવામાં આવેલું. જેમાં શાળાના બાળકો તથા સ્ટાફ ગયો હતો. જેમાં બાળકોએ વિવિધ રમતો તથા રાઈડ્સનો આનંદ લીધો હતો. વિશેષમાં ગૌસ્વામી પરિવાર તરફથી તમામ માટે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી હતી.

### ૩.૮ સ્પેશિયલ–ખેલ મહાકુંભ

તા. ૧૬/૧૦/૨૦૧૬ના રોજ ભાવનગર યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે સ્પેશિયલ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવેલું. જેમાં સ્થાનિક અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના બાળકોએ વિવિધ એથલેટીક્સ અને ટીમ ગેઈમ્સમાં ભાગ લઈ ૧૨ બાળકોએ પ્રથમ, ૫ બાળકોએ દ્વિતિય અને ૮ બાળકોએ તૃતિય સ્થાન મેળવી અંકુર શાળાનું નામ રોશન કર્યું હતું. આ બાળકોને શાળાના શિક્ષકો દ્વારા ખાસ તાલીમ આપવામા આવેલ

**નમ્રતા એ સહુથી શ્રેષ્ઠ ગુણ છે. નમ્રતા બધું જ કરી શકે. એની અસર તાત્કાલિક બીજાઓ પર પડે છે.**





- **નેશનલ કોચીંગ કેમ્પમાં શાળાના બાળકોની સિધ્ધિઓ**

તા. ૦૭/૦૮/૨૦૧૬ થી તા. ૧૩/૦૮/૨૦૧૬ દરમ્યાન આંધ્રપ્રદેશના અનંતપુરમ્ ખાતે યોજાયેલ નેશનલ કોચીંગ કેમ્પમાં શાળાની બે વિદ્યાર્થીનીઓ લાખાણી ઈરફાના તથા રાઠોડ જયશ્રીએ ૫૦, ૧૦૦, ૨૦૦ મીટર દોડમાં તેમજ સોફ્ટ-બોલ થ્રો રમતમાં ભાગ લીધો હતો. બન્ને વિદ્યાર્થીનીઓ પોતાના ગ્રુપમાં પ્રથમ નંબરે રહીને શાળાને ગૌરવ અપાવેલ.


આ ઉપરાંત તા. ૨૦/૧૦/૨૦૧૬ થી તા. ૨૭/૧૦/૨૦૧૬ દરમ્યાન રાજસ્થાનના જયપુર ખાતે યોજાયેલ નેશનલ કોચીંગ કેમ્પમાં શાળાનાં છ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાંથી રાઠોડ રાકેશ ૪૦૦ મી. રનિંગમાં સીલ્વર મેડલ, નૈયા તેજસ ફુટબોલમાં સિલ્વર મેડલ, દસાડીયા અમન ૨૫ મી. રનિંગમાં ગોલ્ડ, લાખાણી ઈરફાના ૨૫ મી. રનિંગમાં સીલ્વર મેડલ, મહેતા જાનકી તેમજ રાઠોડ જયશ્રી ૨૫ મી. રનિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવીને નેશનલ કક્ષાએ શાળાને ઝળહળતી સફળતા અપાવી હતી. આ બન્ને નેશનલ કોચીંગ કેમ્પમાં એસ્કોર્ટ તરીકે શાળાના કેરગિવર શ્રી મોનાલીબેન ઉપાધ્યાયએ ખૂબજ સરાહનીય કામગીરી બજાવી હતી.

- **વિશિષ્ટ સિધ્ધિ**

તા. ૨૨/૦૪/૨૦૧૭ થી ૨૩/૦૪/૨૦૧૭ હિંમતનગર ખાતે મિનિસ્ટ્રી ઓફ યુથ એફેર્સ એન્ડ સ્પોર્ટસ (M.Y.A.S.) દ્વારા રાજયકક્ષાની વિવિધ ગેઈમ્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના ૧૦ બાળકોએ ભાગ લીધેલ જેમાંથી ૫ બાળકોએ ગોલ્ડમેડલ તેમજ ૪ બાળકોએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી રાજયકક્ષાએ અંકુર શાળાનું ગૌરવ વધારેલ આ રમતોત્સવમાં શાળાના શિક્ષક શ્રી જયપાલભાઈ, શ્રી હરદીપભાઈ તેમજ શ્રી મોનાલીબેને બાળકોની સાથે રહી ખુબ જ પ્રશંસનિય કામગીરી કરી હતી.



### ૩.૯ નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે



તા. ૩૦/૧૨/૨૦૧૬ના રોજ શાળામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમાના અતિથિવિશેષ પદે 'નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે' ની ઉજવણી કરવામાં આવેલી. જેની શરૂઆતમાં મંદબુદ્ધિ વિદ્યાર્થીની શ્રી ધારા ત્રિવેદીએ સુંદર રીતે પ્રાર્થના રજુ કરી હતી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા સ્વાગત પ્રવચન અને મહેમાનોને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ ત્યારબાદ શિક્ષકશ્રી પારસભાઈ પરમાર દ્વારા 'નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે' વિશે સરળ ભાષામાં ખુબજ અગત્યની માહિતી આપવામાં આવેલી. ત્યારબાદ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી પ્રકાશભાઈ એમ. ખેરાલાએ ઉપસ્થિત વાલીઓને બાળકાયદાઓ વિશે માહિતી આપેલી. આ સાથે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રાકેશ રાઠોડે તાજેતરમાં 'બેસ્ટ ડીસેબલ્ડ એમ્પલોયી'નો એવોર્ડ પ્રાપ્ત કરી અંકુર શાળાનું ગૌરવ વધાર્યુ છે, જે બદલ તેનું સન્માન કરવામાં આવેલું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધી શ્રી જયપાલસિંહ ગોહિલે કરી હતી.

### ૩.૧૦ ઉત્તરાયણની ઉજવણી

ઘોઘાસર્કલ અખાડા ખાતે યુથ કોંગ્રેસ દ્વારા શાળાના બાળકો માટે પતંગોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં તેના દ્વારા દરેક બાળકોને પતંગ તેમજ ફીરકીનું વિતરણ કરવામાં આવેલ જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.


ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા શાળાના દરેક બાળકોને પતંગ તેમજ ફીરકી આપવામાં આવેલ.





પરસ્પરનો સહયોગ અને શાંતિથી જ સમાજનું નિર્માણ થઈ શકે.

### ૩.૧૧ પ્રજાસત્તાક પર્વની ઉજવણી



તા. ૨૬/૦૧/૨૦૧૭ પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવેલ જેમાં શ્રી અરવિંદભાઈ શેઠ (ટ્રસ્ટીશ્રી, ગોવર્ધનનાથજી હવેલી-પરીમલ)ના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ત્યારબાદ બાળકોએ વિવિધ રમતો રમવાનો આનંદ માણ્યો અને વિજેતા થયેલ બાળકોને ઈનામો આપીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ ધ્વજવંદનની વિધિ શાળાના શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલી. શ્રી નેહલબેન ગઢવીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સરસ રીતે કર્યું હતું. આભારવિધિ શ્રી હરદિપભાઈ કામળીયા દ્વારા કરવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ઉત્તમ રીતે સંપન્ન થયો.



### ૩.૧૨ ધુળેટી પર્વ ઉજવણી

શાળાના કોમ્યુનિટી હોલમાં ધુળેટીપર્વ નિમિત્તે શાળાના બાળકો તથા સ્ટાફ પરિવાર દ્વારા રંગોત્સવની ઉજવણીનો રંગસભર કાર્યક્રમ ભારે આનંદ-ઉત્સાહથી ઉજવાયો હતો.

### ૩.૧૩ માતૃભાષા દિવસની ઉજવણી

તા. ૨૧/૦૨/૨૦૧૭ના રોજ શાળા ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત શાળાના કાર્યવાહક કમિટીના સભ્યશ્રી ડી.જે. ધંધુકિયાસાહેબ દ્વારા આવેલ મહેમાનનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન પ્રા.સુ.શ્રી.રક્ષાબેન દવેએ માતૃભાષા વિશે અત્યંત રસાળ શૈલીમાં રસપ્રદ માહિતીઓ ખૂબજ ઝિણવટપૂર્વક સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી ભાવનાબેન અંધારિયાએ કરી હતી.





તર્કનું સત્ય નહિ પણ આત્માના મનોમંથનમાંથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે.

## ૩.૧૪ સાંસ્કૃતિક કાર્યક્રમ 'કલરવ–પર્વની ઉજવણી





તા. ૦૫/૦૩/૨૦૧૭ના રોજ યશવંતરાય નાટ્યગૃહ ખાતે શ્રીમતિ મૃદુલાબેન પારેખ, શ્રી મહેશભાઈ ભટ્ટ (પ્રમુખ ચેમ્બર્સ ઓફ કોમર્સ, ભાવનગર) શ્રી હરિકૃષ્ણ અગ્રવાલ (મુન્નાશેઠ)ના અતિથિ-વિશેષપદે તથા શ્રી મનોજભાઈ શુકલ (પ્રસિધ્ધ કટાર લેખક અને પૂર્વ સહાયક નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)ની વિશેષ ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'કલરવ-પર્વ'ની ભવ્ય ઉજવણી થઈ હતી. જેનો શુભારંભ સંસ્થાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠના સ્વાગત પ્રવચનથી થયો હતો. ત્યારબાદ સંસ્થાના કાર્યવાહક કમિટીના સભ્યશ્રી દેવલભાઈ શાહે માનવંતા મહેમાનોનો પરિચય આપ્યો હતો. સન્માન સમારંભ બાદ, સંસ્થાની વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવેલ.




ત્યારબાદ શાળાનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયેલ જેમાં શાળાના વિશિષ્ટ બાળકોએ પોતાની વિશિષ્ટ શકિતનો પરિચય આપતાં અદ્‌ભૂત કૃતિઓની શાનદાર રજૂઆત કરી હતી. રજુ કરેલી કૃતિઓની કોરિઓગ્રાફી શ્રી રેશમાબેન શાહએ ખુબજ સુંદર રીતે કરેલ. સાથે સી.પી. સ્કૂલ અને ખી.લ.બહેરા-મુંગાની શાળાના બાળકોએ પણ પોતાની કૃતિઓ રજૂ કરેલી. આ કાર્યક્રમમાં સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ બાળકો, વાલીઓ અને શિક્ષકોના ખાસ સન્માનનું પણ આયોજન કરવામાં આવેલ કાર્યક્રમને ભવ્ય સફળ બનાવવા બદલ શાળાના સમગ્ર સ્ટાફને ટ્રસ્ટીશ્રીઓએ ખાસ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સંસ્થા વતી આમંત્રીતોનું, વાલીઓ તથા પ્રેક્ષકોનું અને સંસ્થાના તમામના આભાર દર્શનનું પ્રાસંગિક પ્રવચન સંસ્થાના માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણીએ કર્યુ હતું. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ તથા સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા કરવામાં આવેલ.





## ૩.૧૫ વિશ્વ ડાઉનસિન્ડ્રોમ દિવસની ઉજવણી

૨૧ માર્ચ સમગ્ર વિશ્વમાં 'ડાઉનસિન્ડ્રોમ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત શાળા ખાતે પણ ડાઉનસિન્ડ્રોમ દિવસની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી.

જેમાં કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની શ્રી મિનલ રાઠોડની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમાએ પ્રાંસગિક ઉદ્‌બોધન કર્યું. શાળાના શિક્ષક શ્રી રેશ્માબેન શાહ દ્વારા ડાઉનસિન્ડ્રોમ બાળકો અંગેની ખુબ જ અગત્યની માહિતી સરસ રીતે આપવામાં આવી. સાથોસાથ વાલીઓને ડાઉનસિન્ડ્રોમ અંગેના વિડીયો પણ બતાવવામાં આવ્યા હતા. તેમજ ડાઉનસિન્ડ્રોમ ધરાવતા બાળકોની શારીરિક તકલીફો અંગે શાળાના ફિઝીયોથેરાપીસ્ટ શ્રી ડો. રાધિકાબેન રાઠોડે વિસ્તૃત રીતે માહિતી આપી હતી. આ સાથે કાનુની શિક્ષણ વિભાગ દ્વારા કાનૂની શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં કુલ ૨૮ વાલીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું ખુબ સુંદર રીતે સંકલન શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું.







## ૩.૧૬ વિશ્વ ઓટીઝમ દિવસની ઉજવણી





તા. ૦૩/૦૪/૨૦૧૭ના રોજ 'વિશ્વ ઓટીઝમ દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત ભાવનગર શહેરના ખ્યાતનામ પિડિયાટ્રીશ્યન ડો. શ્રી ધવલભાઈ સોલંકી દ્વારા ઓટીઝમ બાળકો અંગેની ખુબ જ અગત્યની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રસપ્રદ અને સરળ શૈલીમાં રજુ કરવામાં આવેલ. આ કાર્યક્રમ શાળાના સ્ટાફમિત્રો તેમજ ઓટીઝમ બાળકોના વાલીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

**જે લોકો બીજાની ભલાઈ કરવી પસંદ કરે છે તેના ભલા માટે જગતની સર્વ વસ્તુઓ કામ કરે છે.**

### ૩.૧૭ ગેટ ટુ ગેધર

સંસ્થાના કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી દેવલભાઈ શાહ દ્વારા ટ્રસ્ટીશ્રીઓ-સ્ટાફ તેમજ સ્ટાફ પરિવારના સભ્યો સહિત સૌ માટે સ્નેહ મિલનનું ખુબ જ સુંદર આયોજન કરવામાં આવેલું. જેમાં PNR સોસાયટી (મુંબઈ)ના ચેરમેનશ્રી નટવરભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ સહિત આ પ્રોગ્રામમાં સંચદીય સચીવશ્રી વિભાવરીબેન દવે પણ હાજર રહયાં હતાં.





### ૩.૧૮ અન્ય નોંધપાત્ર પ્રવૃત્તિઓ પ્રસંગો અને ઘટનાઓ

- તા. ૧૬/૦૭/૨૦૧૬ના રોજ રાજયસભાના સાંસદ તેમજ રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવીયા (રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ, ખાણ ખનીજ તથા શીપ રિસાયકલીંગ)ના સન્માન સમારંભમાં યશવંતરાય નાટ્યગૃહ ખાતે અંકુર શાળાના બાળકોની સાંસ્કૃતિક કૃતિ રજુ કરવામાં આવેલી. જેની ઉપસ્થિત પ્રેક્ષકોએ ખુબ જ સરાહના કરી હતી.
- તા. ૩૦/૦૭/૨૦૧૬ના રોજ 'સોની સમાજ - ગોલ્ડન ગ્રુપ' દ્વારા યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આપણી શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિ રજુ કરવામાં આવેલી.
- તા. ૦૭/૦૯/૨૦૧૬ના રોજ 'સેતુબંધ મિત્ર મંડળ, ઘોઘા સર્કલ' દ્વારા આયોજીત ગણેશોત્સવમાં અંકુર શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.
- તા. ૦૨/૧૦/૨૦૧૬ના રોજ 'LIC એજન્ટ એસોશિએશન'ના કાર્યક્રમમાં આપણી શાળાના બાળકોએ સાંસ્કૃતિક કૃતિ રજુ કરી જેને ઉપસ્થિત તમામ પ્રેક્ષકોએ ખુબ જ વધાવેલ.
- દરવર્ષની માફક આ વર્ષે પણ ભાવનગર શહેરના ખ્યાતનામ સ્વ. જીતુભાઈ ફટાકડાવાળા પરિવાર વતી શ્રી નિમેષભાઈ દેસાઈ તથા શ્રી પરાગભાઈ મણીયાર દ્વારા તા. ૨૬/૧૦/૨૦૧૬ના રોજ શાળાનાં દરેક બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ.
- દિવાળી નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ) તરફથી શાળાનાં જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ વહેંચવામાં આવી હતી.
- સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય ધ્વારા દિવ્યાંગજન સશકિતકરણ વિભાગ ધ્વારા સમગ્ર દેશમાં યુનિવર્સલ આઈ.ડી. કાર્ડ પર્સન્સ વીથ ડીસેબીલીટી પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત શાળામાં તાલીમ મેળવતા ૧૭૦ બાળકો તેમજ તળાજા તાલુકાના દિવ્યાંગજનો મળી કુલ ૨૨૦ વ્યકિતઓના યુનિવર્સલ આઈ.ડી. કાર્ડ કાઢવામાં આવેલ.

**સ્મરણાંજલી**

જીવન અને મૃત્યુ એ ઈશ્વરની ઈચ્છાને આધિન છે, પણ જેમણે સ્વજન ગુમાવ્યાં છે એવી વ્યકિતને તેનાં વિયોગનું દુઃખ હોય જ છે. અહીં સંસ્થા સાથે જોડાયેલ લોકોના અંગત સ્વજનોના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ તેના શોકમાં સહભાગી થવાનો ઉપક્રમ છે.

- સ્વ. કાન્તાબેન (શ્રી અંતુભાઈ રાવળના ધર્મ પત્ની)
- સ્વ. ચંદુભાઈ શાહ (શ્રી પારસભાઈ શાહના પિતાશ્રી)
- સ્વ. નરેન્દ્રભાઈ શેઠ (ટ્રસ્ટીશ્રી અંધઉદ્યોગ શાળા )
- સ્વ. થોરુનબેન દેસાઈ (સંસ્થાના મુખ્યદાતા શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના ધર્મ પત્ની)
- સ્વ. માલતીબેન શેઠ (ટ્રસ્ટીશ્રી દેવેન્દ્રભાઇ શેઠના માતૃશ્રી)
- સ્વ. ચંદ્રિકાબેન તળાજીયા (કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી દિપકભાઇ તળાજીયાના માતૃશ્રી)
- સ્વ. ફિરદૌસભાઈ પુંજાણી (પૂર્વ કાર્યવાહક કમિટીંના સભ્યશ્રી અંકુર શાળા)
- સ્વ. આર. બી. જોષી સાહેબ (નિવૃત્ત જિલ્લાસમાજ સુરક્ષા અધિકારી તેમજ વહીવટી અધિકારી સી.પી. સ્કલ)



# ૪ : કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, ટ્રેઈનિંગ, એજયુકેશનલ વિઝિટસ્

## ૪.૧ વર્કશોપ

તા. ૨૯/૦૬/૨૦૧૬ના રોજ નેશનલ ટ્રસ્ટના પૂર્વ ચેરમેન શ્રી આલોકા ગુહાનાં વર્કશોપનું P.N.R. સોસાયટીમાં આયોજન કરવામાં આવેલ જેમાં અંકુર શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ.

## ૪.૨ સેમીનાર



તા. ૦૯/૦૭/૨૦૧૬ના રોજ 'એસેસમેન્ટ એન્ડ ઈવેલ્યુએશન મેથડ' ઉપર શિક્ષકો માટે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલું. જેમાં અમદાવાદથી શ્રી અજીતકુમાર તેમજ શ્રી રાજેન્દ્ર પરમારે તજજ્ઞ તરીકે સેવા આપી હતી.

## ૪.૩ એજ્યુકેશનલ વિઝીટ

તા. ૧૬/૦૭/૨૦૧૬ થી ૨૨/૦૭/૨૦૧૬ દરમ્યાન શાળાના ગવર્નમેન્ટ સ્ટાફના શિક્ષકો તેમજ થેરાપિસ્ટસની દિલ્હી ખાતે એજ્યુકેશન વિઝીટનું આયોજન કરવામાં આવેલું, જેમાં અંકુરના શિક્ષકો, થેરાપિસ્ટોએ મનોવિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, અમરજયોતિ ઈન્કલુઝન સ્કૂલ, કિરન મેમોરિયલ પબ્લિક સ્કૂલ, નેશનલ ટ્રસ્ટ સંચાલીત હેન્ડિકેપ સ્કૂલ, NIMH રિજીયોનલ મેન્ટર, એમિટી યુનિર્વસિટી, જેવી સંસ્થાઓની મુલાકાત લીધી હતી.

## ૪.૪ માહિતી મુલાકાત

તા. ૧૫/૧૦/૨૦૧૬ના રોજ સંસ્થાના માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણી તેમના પત્નીશ્રી અંજનાબેન હકાણી તેમજ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ ડુંગરપુર (જુનાગઢ) સ્થિત સાંપ્રત ગંભીર વિકલાંગોની નિવાસી સંસ્થા તેમજ મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટની મુલાકાત લીધેલ.



### ૪.૫ સેમીનાર

તા. ૨૭/૦૩/૨૦૧૭ના રોજ બ્લાઈન્ડ પિપલ એસોસીએશન (બી.પી.એ.) અમદાવાદ દ્વારા આયોજીત નેશનલ ટ્રસ્ટ અંગેના એક દિવસીય સેમીનારમાં આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી તેમજ A.O. શ્રી પરીક્ષિતભાઈ ભટ્ટએ ભાગ લીધેલ.

### ૪.૬ ઓરિએન્ટેશન પ્રોગ્રામ

તા. ૨૮/૦૯/૨૦૧૬ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં નવા પ્રવેશ પામેલા બાળકોના વાલીઓ માટે એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ વાલીઓ ઉપસ્થિત રહેલ.


પ્રોગ્રામની શરૂઆત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમાના હસ્તે દિપપ્રાગટ્યથી કરી હતી. આ પ્રોગ્રામમાં મંદબુદ્ધિના કારણો-લક્ષણો, ઉપાયો, મંદબુદ્ધિ બાળકના વિકાસમાં તાલીમનું મહત્વ, આ બાળકોને આપવામાં આવતી વિવિધ થેરાપીઓ અને તેના લાભો તેમજ વર્તનસુધારણા તથા મંદબુદ્ધિ બાળકોને સરકારશ્રી તરફથી મળતા વિવિધ લાભો અને નેશનલ ટ્રસ્ટ તેમજ વ્યવસાયીક તાલીમ વિશે તમામ માહિતી પ્રદાન કરેલી. જેમાં શાળાનાં શિક્ષકો સર્વશ્રી મેઘજીખાન સાયબાણી, શ્રી પારૂલબેન પાઠક, શ્રી રેશ્માબેન શાહ, શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી નેહલબેન ગઢવી, શ્રી હરદીપભાઈ કામળીયા, શ્રી ભાવનાબેન અંધારિયા દ્વારા સરળ અને રસપ્રદ શૈલીમાં રજુઆત કરીને સમજાવ્યું હતું. આ સમગ્ર પ્રોગ્રામનું આયોજન અને સંકલન શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલું. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો પ્રત્યે માતા-પિતા તેમજ શિક્ષકની ભુમિકા સ્પષ્ટ કરવાનો હતો. આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ નીચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.







### ૪.૭ ફિઝિયોથેરાપી અંગે સેમીનાર



તા. ૧૮/૧૦/૨૦૧૬ના રોજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે તાલીમ મેળવતા મંદબુધ્ધિવાળા બાળકોના વાલીઓ માટે ફિઝિયોથેરાપી અંગેનાં એક સેમીનારનું આયોજન કરવામાં આવેલું હતું. શાળામાં તાલીમ મેળવતા મંદબુધ્ધિના બાળકો કોઈને કોઈ પ્રકારની શારીરિક તકલીફો પણ ધરાવતા હોય છે. મંદબુધ્ધિત્વની સાથે શારીરિક તકલીફ હોય તો આ પરિસ્થિતિ ખુબ જ વિકટ બને છે. આ પ્રકારના બાળકોની કઈ રીતે સંભાળ

લેવી તથા કેવા કેવા પ્રકારની ટ્રીટમેન્ટ દ્વારા સામાન્ય વાતાવરણમાં સમાયોજન કેવી રીતે કરી શકે ? તે અંગેની સંપૂર્ણ માહિતી શાળાના ફિઝિયોથેરાપીસ્ટ ડો. રાધીકાબેન રાઠોડ (B.P.T.) દ્વારા આપવામાં આવી હતી, જેમાં કુલ ૪૦ વાલીઓએ ઉત્સાહ અને રસપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા પ્રાંસગિક ઉદ્‌બોધન કરવામાં આવેલું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કર્યું હતું.

## ૪.૮ સેમીનાર–પ્રેઝન્ટેશન

ઝારખંડના રાંચી ખાતે 'ઈન્કલુઝીવ એજ્યુકેશન' પર આયોજીત નેશનલ સેમીનારમાં શાળાના શિક્ષક શ્રી રેશ્માબેન શાહ તેમજ શ્રી જીગ્નાબેન શાહએ ભાગ લીધો હતો. અંધ શાળાના કોન્ફરન્સ હોલ ખાતે તેમના દ્વારા સચિત્ર પ્રેઝન્ટેશન તૈયાર કરી સ્ટાફ મિત્રોને સેમીનાર અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી.

## ૪.૯ બેંગ્લુરુ ખાતે ટ્રેઈનિંગ

તા.૨૦/૦૩/૨૦૧૭ થી ૨૫/૦૩/૨૦૧૭ દરમ્યાન બેંગ્લુરુ ખાતે આયોજીત 'અંબા ટ્રેઈનિંગ એન્ડ ઓરીએન્ટેન્શન' ટ્રેઈનિંગમાં સંસ્થાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ તેમજ શાળાના બે વિદ્યાર્થીઓએ આ પાંચ દિવસીય ટ્રેઈનિંગમાં ભાગ લીધો હતો. ટ્રેઈનિંગના અંતે 'અંબા ટ્રેઈનિંગ સેન્ટર' દ્વારા સંસ્થા માટે વિદ્યાર્થીઓને લેપટોપ આપવામાં આવેલ. ટ્રેઈનિંગમાં વિદ્યાર્થીઓને ડેટા એન્ટ્રી અંગેની તાલીમ રાખવામાં આવી હતી.




**જો તમે વસ્તુઓને જોવાનો દૃષ્ટિકોણ બદલી શકો તો જે વસ્તુઓને તમે જુઓ છો એ પણ બદલાઈ જશે.**

# ૫. એડલ્ટ વોકેશનલ એન્ડ ક્રિએટીવીટી ટ્રેઈનિંગ સેન્ટર



- વોકેશનલ સેન્ટરમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૩૦ બાળકોએ તાલીમ મેળવેલી છે.
- વોકેશનલ ટ્રેનીંગ સેન્ટરમાં વર્ષ દરમ્યાન બનાવેલ વિવિધ વસ્તુઓ (શોપીંગ બેગ, કવર, આસન, કાર્ડ, પેપર બેગ, મની કવર વગેરે) નું કુલ વેચાણ રૂા. ૨૭,૪૧૫/- થયેલું છે.
- વેરી સ્પેશ્યલ આર્ટમાં કુલ ૧૦ બાળકો (એઈજ ગૃપ - ૧૪ થી ૨૧ વર્ષ)એ ભાગ લીધેલ. જેના ચિત્રો દિલ્હી ખાતે મોકલેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈનામ મળશે તેવી આશા છે.
- વર્ષ દરમ્યાન વોકેશનલ સેન્ટરમાં તાલીમ મેળવતા બાળકોમાંથી વિશિષ્ટ સ્કિલ ધરાવતા બાળકોને ઓફિસ આસિસ્ટન્ટ, પેપરબેગ મેકિંગ તેમજ બહેનો માટે ખાસ કરીને સ્ટોન વર્ક તેમજ આસિસ્ટન્ટ બ્યુટી પાર્લર અંગેની તાલીમ આપવામાં આવી હતી.
- શાવ અવિનાશ વિનોદકુમાર અને કુરેશી જુનેદ હનીફભાઈ આ બન્ને ભાઈઓને માઈક્રોસાઈન કંપનીમાં જોબ મળેલ છે. જેના માટે શ્રી નેહલબેન ગઢવી અને શ્રી જયપાલસિંહ ગોહિલે ખૂબજ સરાહનીય કાર્ય કરેલ છે.





# ૯. નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી

નેશનલ ટ્રસ્ટ અંતર્ગત મંદબુધ્ધિ બાળકો માટે અનેક ઉપયોગી યોજનાઓ મુકવામાં આવી છે. જેમાં...

| | | |
|---|---|---|
| નિરામય હેલ્થ ઈન્સ્યોરન્સ | : | મેડીકલેઈમ |
| સમર્થ | : | લાંબા ગાળાની નિવાસી સુવિધા |
| ઘરૌંદા | : | કાયમી આવાસિય સુવિધા |
| લીગલ ગાર્ડીઅનશીપ | : | કાયદેસરના વાલી નિમવાની યોજના |

**આશય ડે–કેર સેન્ટર**

નેશનલ ટ્રસ્ટ દ્વારા ઘણા પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન આપણી શાળામાં વિશિષ્ટ બાળકો માટે 'આશય ડે-કેર સેન્ટર' હેઠળ વિકાસ પ્રોજેક્ટ ચલાવી રહયા છીએ. જેમાં ૨૦ છોકરાઓ અને ૧૮ છોકરીઓ સહિત કુલ ૩૬ વિશિષ્ટ બાળકો આ પ્રોજેક્ટ અંતર્ગત તાલીમ મેળવી રહયાં છે.






## લોકલ લેવલ કમિટી

તા. ૧૨/૦૭/૨૦૧૬ના રોજ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં વિકલાંગ ધારા તેમજ લોકલ લેવલ કમિટીની મીટીંગનું કલેકટર ઓફિસ ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં માનદ્ ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણીએ સક્રિય રીતે ભાગ લીધો હતો.

મોટા ભાગના લોકો એ કયારેય નથી શીખી શકતા કે જીવનનો સૌથી અગત્યનો હેતુ એને માણવાનો છે.

**નિરામયા (મેડીકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી)**

આ આરોગ્ય વીમો મેડીકલેઈમ પ્રકારનો છે જેમાં ઉંમર અને ભૂતકાળની બીમારીઓના સંદર્ભને ધ્યાનમાં લીધા વિના બાળક માટે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી ઓપરેશન, સારવાર, થેરાપી, આઉટડોર ટ્રીટમેન્ટનો ખર્ચ આપવામાં આવે છે.

આ યોજના વાલી માટે આશિર્વાદરૂપ છે. વીમાનાં પ્રીમીયમની રકમ પણ ઘણી ઓછી છે. બી.પી.એલ. કાર્ડ ધારક માટે વાર્ષિક પ્રિમિયમ રૂા. ૨૫૦/- તથા નોન બી.પી.એલ. માટે વાર્ષિક પ્રીમીયમ રૂા. ૫૦૦/- છે.

આવી અપંગતા ધરાવતા બાળકોના વાલીઓએ આ પોલીસી નિયમિત લેવી જરૂરી છે. અંકુર શાળા વિવિધ સેવાના ભાગરૂપે આ કામમાં પણ વાલીઓને મદદ કરે છે અને જે વાલીઓ આ રકમ ભરવા માટે સક્ષમ ન હોય તેમની પોલીસીની રકમ સંસ્થા ભરે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કુલ રૂા. ૧૧૨૫૦/- નિરામયા પ્રિમિયમ સહાય આપવામાં આવેલ.

નિરામયા હેલ્થ પોલિસની યોજના અંતર્ગત શાળામાં ૩૭ મંદબુધ્ધિવાળા બાળકો માટે નવી પોલિસીની તથા ૮૮ મંદબુધ્ધિવાળા બાળકો માટે રીન્યુઅલ પોલિસીની કામગીરી કરેલી. આ યોજના અંતર્ગત ૩૫ મેડીકલેઈમ કરવામાં આવેલ છે અને અંદાજીત રૂા. ૯૨,૭૩૪/- સુધીની રકમના કલેઈમ મળેલ છે. આ સંપૂર્ણ કામગીરી શ્રી જયપાલસિંહ ગોહિલ તથા શ્રી પારસભાઈ પરમાર સારી રીતે સંભાળી રહયાં છે.



શાંતિથી ક્રોધનો નાશ કરો, નમ્રતાથી અભિમાનને જીતો,
સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભને કાબુમાં રાખો.

# ૭. ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ – લાયબ્રેરી – પબ્લિકેશન ઈન્ફોર્મેશન

## ૭.૧. ટ્રેઈનિંગ કોલેજ

અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા- ટ્રસ્ટ સંચાલિત સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર મેન્ટલ રીટાર્ડેશન વર્ષ-૨૦૦૩થી કાર્યરત છે. અત્યાર સુધીમાં કુલ ૧૧ બેચ સફળતાપૂર્વક કરેલ છે. અને પાસ આઉટ થયેલા તાલીમાર્થીઓ માંથી ૩૦% તાલીમાર્થીઓ વિવિધ સ્થળે જોબ કરે છે. ટ્રેઈનિંગ કોલેજને R.C.I. (રીહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા) ન્યુ દિલ્હી દ્વારા સમયાંતરે ઈન્સ્પેકશન દ્વારા એક્ષટેન્શન આપવામાં આવતું હોય છે. તાજેતરમાં R.C.I. દ્વારા આપણી ટ્રેઈનિંગ કોલેજનું પણ ઈન્સ્પેકશન કરવામાં આવેલ જે ખૂબજ સફળ રીતે પૂર્ણ થયેલ. અને આપણી ટ્રેઈનિંગ કોલેજને વર્ષ ૨૦૨૨ સુધીની મંજૂરી મળેલ છે. ઈન્સ્પેકશન અને એ પૂર્વેની સંપૂણ કામગીરી કો-ઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી આરીફભાઈ જેઠવાએ ખૂબજ સરાહનિય અને સુંદર રીતે પૂર્ણ કરેલ. અભિનંદન...






## ૭.૨. લાયબ્રેરી – પબ્લિકેશન ઈન્ફોર્મેશન

સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થામાં ઉપલબ્ધ ગ્રંથાલયમાં સ્ટાફ અને ટ્રેઈનિંગ કોલેજનાં તાલીમાર્થીઓએ પ્રકાશનોનો સારો એવો ઉપયોગ કર્યો છે.

### સંસ્થાના પ્રકાશનો

સંસ્થા દ્વારા સમયાંતરે નિષ્ણાંતો તેમજ સ્ટાફ દ્વારા વાલીઓ તેમજ જાહેર જનતા માટે મંદબુધ્ધિને લગતા વિવિધ વિષયો પર પુસ્તિકાઓ પ્રકાશિત થાય છે. સંસ્થાના પ્રકાશનો નીચે મુજબ છે.

| ક્રમ | પ્રકાશનનું શિર્ષક | ભાષા |
|---|---|---|
| ૧ | અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા માહિતી | ગુજરાતી/અંગ્રેજી |
| ૨ | મંદબુધ્ધિ એટલે શું? | ગુજરાતી |
| ૩ | મંદબુધ્ધિના કારણો - ઉપચાર | ગુજરાતી |
| ૪ | મંદબુધ્ધિ અને જાતિયતા | ગુજરાતી |
| ૫ | મંદબુધ્ધિ બાળકોના વાલીઓને માર્ગદર્શન | ગુજરાતી |
| ૬ | નિરામયા હેલ્થ પોલીસી | ગુજરાતી |
| ૭ | એ.ડી.એલ. દિનચર્યા તાલીમ | ગુજરાતી |
| ૮ | વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટર | ગુજરાતી |
| ૯ | નેશનલ ટ્રસ્ટ : લીગલ ગાર્ડીઅન | ગુજરાતી |
| ૧૦ | વર્તણુંક સમસ્યા | ગુજરાતી |
| ૧૧ | શ્રધ્ધાંજલી | ગુજરાતી |
| ૧૨ | જીનેટિક્સ ડિસઓર્ડર | ગુજરાતી |
| ૧૩ | મ્યુઝિકથેરાપી | ગુજરાતી |
| ૧૪ | એપિલેપ્સી | ગુજરાતી |


મંદબુધ્ધિત્વ અંગે સંસ્થાના પ્રકાશનો

### રોજનીશી

સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ આવતું ન્યુઝ લેટર 'રોજનીશી' પ્રતિ ત્રણ માસે પ્રસિધ્ધ થાય છે. જેમાં સંસ્થાની નિયમિત થતી પ્રવૃત્તિઓ વિશે દાતાઓ, શુભેચ્છકો, ટ્રસ્ટીશ્રીઓને માહિતગાર કરવામાં આવે છે. સાથે વિશિષ્ટ પ્રસંગોની પણ નોંધ લેવામાં આવે છે. આ કામગીરી શ્રી આરીફભાઈ સુંદર રીતે સંભાળી રહયાં છે.


### કોશિશ થી કામયાબી

P.N.R. સોસાયટી દ્વારા વિકલાંગોના પુનઃ સ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક કોશિશ થી કામયાબી નિયમિત પ્રકાશિત થાય છે જેમા P.N.R. સોસાયટીના દરેક વિભાગો તેમજ શાળાઓના સંક્ષિપ્ત સમાચારો પ્રકાશિત થતા હોય છે શાળાના ઉપરોકત વિભાગ દ્વારા અંકુર શાળાની માહિતી નિયમિત રીતે પુરી પાડવાનુ કાર્ય શ્રી આરીફભાઇ જેઠવા સંભાળે છે.

# ૮. વિવિધ યોજનાઓ

## વિદ્યાર્થીઓના કલ્યાણ માટે સંસ્થામાં ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ

### ૮.૧. દત્તક ફંડ યોજના


'અંકુર' શાળામાં ૧૭૦ થી વધુ બાળકો રોજીંદી ટેવો પોતાની જાતે શિખીને અમુક હદ સુધી પગભર થવાની બાબતો શિખતા હોય છે. આવા બાળકો અન્યોથી સંપૂર્ણ અલગ છે. તેમને જીવનલક્ષી સઘન તાલીમ દ્વારા સમાજની મુખ્ય ધારામાં માત્ર ભેળવવાની જ નહીં પરંતુ સામાજિક સ્વીકૃતિ પણ અપાવવાની હોય છે. આ કાર્યમાં ઘણીવાર તેમની કૌટુંબિક પરિસ્થિતિ; આર્થિક સધ્ધરતા; સામાજિક સ્થિતિ; સંવેદનશિલતા જેવી બાબતો ખાસ ધ્યાનમાં રાખવી પડતી હોય છે. કારણ કે બાળક પોતે તો આ બધાથી તદ્દન અજાણ જ હોય છે. આવા સમયે સંસ્થાના શિક્ષકો;આચાર્ય અને સાથે-સાથે વાલીએ પણ ખૂબ જ જાગરૂક અને સતર્ક રહેવું પડતું હોય છે. આવામાં જ્યારે તેના કુટુંબની આર્થિક પરિસ્થિતી બે સમયના જમવાનો પણ પ્રશ્ન હોય એવી નબળી હોય, ત્યારે તેમને ખાસ સહાયની જરૂરિયાત ઉભી થાય છે. સંસ્થા શિક્ષણ તદ્દન મફત આપે છે, પણ બાળકની અન્ય જરૂરતો પણ હોય છે. જેમાં તેને તબીબી સહાય; માનસિક સમસ્યા અંગેની સારવાર; શૈક્ષણિક સાધનો; યુનિફોર્મ; શાળાએ આવવા-જવાનું વાહન ભાડું; અન્ય અપંગતાના વિશિષ્ટ સાધનો; સ્પેશિયલ ઓલિંપિક્સ; રમત-ગમતના સાધનો; સાંસ્કૃતિક કાર્યક્રમની-જેવી અનેક જરૂરિયાતવાળી બાબતોમાં આર્થિક અવલંબન રાખવું પડતું હોય છે. આવી જરૂરિયાતોને કારણે બાળકની પ્રગતિ અટકે નહીં અને તેનો વિકાસ સતત ચાલુ રહે, તે ખાસ જોવું પડે છે.

એ માટે સંસ્થામાં 'મંદબુધ્ધિ બાળક દત્તક ફંડ યોજના' શરૂ છે. આમાં દાતાએ કોઈ એક બાળક દત્તક લઈ રૂા. ૫૦,૦૦૦/- 'કોર્પસ ફંડ' માં આપે છે. જેના વ્યાજની આવકમાંથી બાળકની આવી જરૂરતો પૂરી કરાય એ માટે આ યોજના કાર્યરત છે. અત્યાર સુધીમાં કુલ ૭૮ બાળકોને દાતાશ્રીઓ તરફથી આર્થિક સહાય માટે દત્તક લેવામાં આવેલ છે. આ સાથે આવા બાળકોના માતા-પિતાને સંવેગીક રીતે દત્તક લીધા છે. આ તમામ દાતાશ્રીઓને આ બાળકોનો સંપૂર્ણ પ્રગતિ-અહેવાલ વર્ષાંતે પહોંચાડવામાં આવે છે. આ આખી યોજનામાં દાતા અને બાળક વચ્ચેનો સંપર્ક-સેતુ જળવાઈ રહે તે માટે સંસ્થા બહુ જ ચોકકસાઈપૂર્વક ધ્યાન રાખે છે.

*પ્રાર્થના પ્રકાશ અને શકિતનું મહાકેન્દ્ર છે. એના દ્વારા આપણને સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરનારી ઈશ્વરીય શકિત સાથે આપણે પોતાનો સંબંધ જોડી શકીએ છીએ.*

## ૮.૨. રીક્ષા સહાય યોજના

સમગ્ર ભાવનગર જીલ્લામાં 'અંકુર' જ એક માત્ર એવી સંસ્થા છે, જે મંદબુધ્ધિવાળા બાળકોને મફત શિક્ષણ અને ભોજન આપે છે. શાળા શહેરના મધ્ય વિસ્તારમાં છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ગરીબ, છેવાડાના અને સાવ અંતરિયાળ વિસ્તારોમાંથી આવે છે. આવી કારમી મોંઘવારીમાં બાળકોના વાલીઓ માટે બે ટંકનું ભોજન પણ જ્યારે દોહ્યલું છે ત્યારે તેમણે શાળાએ આવવા-જવાનો ખર્ચ પણ ન પોસાય એ સ્વાભાવિક અને સમજી શકાય તેવી વાત છે. આ માટે સંસ્થાએ 'રીક્ષા સહાય યોજના' બનાવી છે. જો બાળકો શાળામાં શિક્ષણ-તાલીમ માટે આવે, તો જ તેમનો વિકાસ શક્ય બને, અને તો જ તેઓ સમાજમાં સમરસ બને. સંસ્થા-શાળાનો આ આશય વધુ ઉત્તમ રીતે સિધ્ધ કરવા વધુને વધુ દાતા રીક્ષા-સહાયમાં ભાગીદાર બનવા આગળ આવે તો, આવા બાળકોનું ભવિષ્ય નિઃશંક રીતે શ્રેષ્ઠ બનશે.



અત્યાર સુધીની રીક્ષા સહાયની વિગત આ મુજબ છે.
આ હેતુને ધ્યાનમાં રાખીને નીચે પ્રમાણે બાળકોને રીક્ષા સહાય ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | રીક્ષા સહાયના બાળકો | સહાય રૂા. |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૫૭ | રૂા. ૧,૭૭,૧૮૫/- |
| ૨૦૧૬-૧૭ | ૭૦ | રૂા. ૨,૨૦,૭૫૫/- |

આ યોજનાનું શ્રી વિનુભાઈ રાઠોડ, શ્રી બકુલાબેન સી. ચૌધરી, શ્રી હરદિપભાઈ જે. કામળીયા, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ સરસ રીતે સંકલન કરી રહયાં છે.

## ૮.૩. યુનિફોર્મ સહાય યોજના

'અંકુર' શાળામાં બાળકોને શિક્ષણ - તાલીમ; ભોજન ઉપરાંત યુનિફોર્મ પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. મંદબુધ્ધિ બાળકોના સર્વાંગી વિકાસ, સામાજિક સ્વીકૃતિ અને સમરસતાનો આ એક અનોખો યજ્ઞ છે. આ યજ્ઞમાં સહભાગી થવાનું પુણ્યકારી કામ કરવા દાતાશ્રીઓએ કાયમ આગળ આવવા તત્પર રહેવું જોઈએ. વર્ષ ૨૦૧૬-૧૭ ના શૈક્ષણિક વર્ષની યુનિફોર્મ સહાય કુલ રકમ રૂા. ૮૪,૮૫૦/- છે.



## ૮.૪. શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ સ્ટાફ વેલફેર ફંડ

શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સ્ટાફ વેલફેર ફંડ માંટે મળેલ રકમનાં વ્યાજમાંથી સંસ્થાનાં ટ્રસ્ટ સ્ટાફ સેટ-અપનાં કર્મચારીઓને વર્ષ દરમ્યાન મેડીકલ સહાય રૂા. ૩૦૦૦/- શૈક્ષણિક સહાય રૂા. ૨૦૦૦/- છે. તથા દર વર્ષે રૂા. ૧,૦૦,૦૦૦/- નાં મેડીકલેઈમ માટે ચૂકવવાનાં થતાં પ્રિમીયમની રકમની સહાય આપવાનું વર્ષ ૨૦૧૬-૧૭ થી અમલી બનાવવામાં આવેલ છે. આ સહાય અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કુલ રૂા.૯૫,૧૫૫/- ની સહાય ચૂકવવામાં આવેલ છે.

# ૯. માનવંતા મુલાકાતીઓ



મા.શ્રી વામનભાઇ પારેખ (નિલકમલ પ્લાસ્ટિક)
તથા મા.શ્રી. કૃષ્ણકાંતભાઇ ચિતલિયા




ડો. વિક્રમ પટેલ (મુનિઆશ્રમ-ગોરજ)

| | |
|---|---|
| તા. ૦૮/૦૬/૨૦૧૬ | શ્રી સ્વરાજ યુનિવર્સિટી, ઉદયપુર - રાજસ્થાન. |
| તા. ૦૯/૦૬/૨૦૧૬ | શ્રી સોહીત ઝવેરી - મુંબઈ |
| તા. ૨૭/૦૭/૨૦૧૬ | શ્રી ખી.લ. બહેરામુંગા બાળકોની સંસ્થા, ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ -ભાવનગર. |
| તા. ૦૪/૦૮/૨૦૧૬ | શ્રી પી.એન.આર. સોસાયટી પ્રિવેન્શન વિભાગ - ભાવનગર. |
| તા. ૧૨/૦૮/૨૦૧૬ | એસ. એચ. ગાર્ડી કોમર્સ કોલેજ - ભાવનગર. |
| તા. ૦૬/૦૯/૨૦૧૬ | નંદકુંવરબા મહિલા કોલેજ - ભાવનગર. |
| તા. ૨૩/૦૯/૨૦૧૬ | શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) - ભાવનગર |
| તા. ૨૭/૦૯/૨૦૧૬ | સહજાનંદ પી. જી. સેન્ટર અકવાડા - ભાવનગર. |
| તા. ૨૯/૦૯/૨૦૧૬ | સ્પંદન સ્કૂલ, પ્રમુખશ્રી શૈલેષભાઈ શાહ - વડોદરા. |
| તા. ૦૭/૧૦/૨૦૧૬ | શામળદાસ કોલેજ મનોવિજ્ઞાન વિભાગ - ભાવનગર. |
| તા. ૧૪/૧૦/૨૦૧૬ | સહજાનંદ નર્સિંગ ઈન્સ્ટિટયુટ અકવાડા - ભાવનગર. |
| તા. ૨૨/૧૦/૨૦૧૬ | ડો. વિક્રમ પટેલ, મુનીસેવા આશ્રમ-ગોરજ. |
| તા. ૦૯/૧૨/૨૦૧૬ | શ્રી મધુસુદનભાઈ કોટક - મુંબઈ. |
| તા. ૦૯/૧૨/૨૦૧૬ | શ્રી મિહીર રાઠોડ, શ્રી અંકિત રાઠોડ |
| તા. ૨૦/૧૨/૨૦૧૬ | ફાતીમા કોન્વેટ પ્રાઈમરી સ્કુલ - ભાવનગર. |
| તા. ૩૧/૧૨/૨૦૧૬ | નટરાજ સી.પી.સ્કુલ એન્ડ ટ્રેઈનિંગ કોલેજ - ભાવનગર. |
| તા. ૦૬/૦૧/૨૦૧૭ | શ્રી ભુપેન્દ્રભાઈ એચ. શાહ - મુંબઈ. |
| તા. ૦૯/૦૧/૨૦૧૭ | શ્રી વામનભાઈ વી. પારેખ - નિલકમલ પ્લાસ્ટીક,<br>શ્રી કૃષ્ણકાંત ચિતલીયા - મુંબઈ |
| તા. ૧૦/૦૧/૨૦૧૭ | શ્રી કમલેશભાઈ અને દેવીકાબેન - મુંબઈ. |
| તા. ૨૪/૦૧/૨૦૧૭ | બહેરા-મુંગા શાળા, ટ્રેઈનિંગ કોલેજ - ભાવનગર. |
| તા. ૦૩/૦૧/૨૦૧૭ | શ્રી મારૂતિ વિદ્યામંદિર કોલેજ - ભાવનગર. |
| તા. ૦૯/૦૨/૨૦૧૭ | શ્રી એકસેલ સ્કૂલ ઓફ નર્સિંગ - ભાવનગર. |
| તા. ૨૩/૦૨/૨૦૧૭ | શ્રી ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસ.ડબલ્યુ. - ભાવનગર. |
| તા. ૨૭/૦૨/૨૦૧૭ | ગુર્જરજન કલ્યાણ ટ્રસ્ટ - બોટાદ. |
| તા. ૨૭/૦૨/૨૦૧૭ | રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભીયાન - બોટાદ. |
| તા. ૦૨/૦૩/૨૦૧૭ | શ્રી ભગીરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) - ભાવનગર. |
| તા. ૧૦/૦૩/૨૦૧૭ | શ્રી મધુભાઈ પારેખ, શ્રી કમલેશભાઈ સંઘવી, શ્રી કૌશિકભાઈ ચિતલીયા |
| તા. ૨૦/૦૩/૨૦૧૭ | ભારત સેવક સમાજ - સુરેન્દ્રનગર. |
| તા. ૨૭/૦૩/૨૦૧૭ | શ્રી દક્ષિત કે. લંગાળીયા - ભાવનગર. |
| તા. ૨૭/૦૩/૨૦૧૭ | શ્રી ધ્રુવિત ધોળકિયા - રાજકોટ. |

# ૧૦. ઋણ સ્વિકાર

**અનાવરણ – ઉદ્‌ઘાટન**

- શાળામાં કાર્યરત ફિઝીયોથેરાપી સેન્ટરના વિસ્તૃતિકરણ તથા ઈન્વર્ટર તેમજ કલાસરૂમના ફર્નિચર માટે સ્વ. અનુપમાબેન (જૈતુનબેન) અહેમદઅલી કપાસી તરફથી રૂા. ૭.૫૦ લાખનું દાન પ્રાપ્ત થયેલ, તેની તકતીનું અનાવરણ તથા નવનિર્મિત વિભાગનું ઉદ્‌ઘાટન તા. ૦૭/૦૧/૨૦૧૭નાં રોજ શ્રી વિનુભાઈ પરીખ તથા શ્રી જીતુભાઈ સી. મહેતાનાં વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું.
- તેમજ સંસ્થાનાં દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તરફથી કલાસરૂમનાં ફર્નિચર માંટે રૂા. ૧,૦૦,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ તેની તકતીનું અનાવરણ પણ તા. ૦૭/૦૧/૨૦૧૭નાં રોજ કરવામાં આવ્યું હતું.







| **દાતાનું નામ – ગામ** | **દાનની રકમ** |
|---|---|
| સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) અહેમદઅલી કપાસી - ભાવનગર | ૭,૫૦,૦૦૦/- |
| હસ્તે - શ્રી જીતુભાઈ મહેતા | |
| શેઠ એન્ટરપ્રાઈઝ (ગલીયાકોટ વાળા પરિવાર) - મુંબઈ. | ૫,૦૦,૦૦૦/- |
| ડો. શ્રી વસુબેન ટી. પારેખ - ભાવનગર. | ૨,૦૪,૫૦૦/- |
| હસ્તે - શ્રી વિનુભાઈ હકાણી | |
| શ્રી ગીગાભાઈ નથુભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ. | ૧,૫૦,૦૦૦/- |
| શ્રી ટેકનોકલર કોર્પોરેશન - મુંબઈ. | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી સુશીલ કે. પારેખ ફાઉન્ડેશન (મૃદુલાબેન પારેખ) - મુંબઈ. | ૧,૦૦,૦૦૦/- |
| હસ્તે - શ્રી નેહલબેન ગઢવી | |
| શ્રી ભાવિનભાઈ મહેતા પરીવાર - બારડોલી. | ૫૭,૦૦૦/- |
| શ્રી જયાબેન જયંતિલાલ મોદી ફાઉન્ડેશન - મુંબઈ. | ૪૦,૦૦૦/- |
| શ્રી નિશિથભાઈ પિયુષભાઈ શાહ - મુંબઈ. | ૨૭,૦૦૦/- |
| શ્રી હર્ષાબેન ગીરીશભાઈ સંઘવી - ભાવનગર. | ૨૫,૦૦૦/- |
| શ્રી હારૂનભાઈ ખીમાણી - મુંબઈ. | ૨૫,૦૦૦/- |
| શ્રી આર. સી. આનંદપરા - મુંબઈ. | ૨૫,૦૦૦/- |
| શ્રી સાધના ચા પરિવાર - મહુવા. | ૨૫,૦૦૦/- |
| શ્રી ગુજરાત બેંક વર્કર્સ યુનિયન - રાજકોટ. | ૨૧,૦૦૦/- |
| શ્રી એચ. સી. એચ. ચેરીટેબલ ટ્રસ્ટ - ભાવનગર. | ૨૧,૦૦૦/- |

| | |
|---|---|
| શ્રી કિશોરકુમાર ધીરજલાલ - ભાવનગર. | ૨૧,૦૦૦/- |
| શ્રી જીગ્નેશભાઈ પારેખ - ભાવનગર. | ૨૦,૦૦૦/- |
| શ્રી શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈ. | ૧૫,૦૦૦/- |
| હસ્તે - વિનુભાઈ હકાણી | |
| શ્રી ખોજા ઈશના ઈશરી જમાત - ભાવનગર. | ૧૪,૦૦૦/- |
| શ્રી પાયલબેન માર્કંડભાઈ મહેતા - ભાવનગર. | ૧,૦૦૦/- |
| શ્રી જુનાબંદર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન - ભાવનગર. | ૧૧,૦૦૦/- |
| હસ્તે - શ્રી દેવલભાઈ શાહ | |
| શ્રી જયદિપસિંહ દિલીપસિંહ ચુડાસમા - ભાવનગર. | ૧૦,૧૦૧/- |
| શ્રી મીનાબેન ચિમનલાલ મહેતા - મુંબઈ. | ૧૦,૦૦૦/- |
| શ્રી નટવરલાલ આર. ચાંચડ - વડોદરા. | ૧૦,૦૦૦/- |
| શ્રી જયલતાબેન અરવિંદભાઈ શેઠ - ભાવનગર. | ૧૦,૦૦૦/- |
| હસ્તે - શ્રી અલ્પેશભાઈ શેઠ | |
| શ્રી શાંતાબેન રતીલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ. | ૧૦,૦૦૦/- |
| શ્રી આકાશ લાલજીભાઈ બાંભરોલીયા - ભાવનગર. | ૮,૦૦૦/- |
| શ્રી સ્નીગ્ધા રાવ - ભાવનગર. | ૬,૦૦૦/- |
| શ્રી ગોલ્ડન ગ્રુપ - ભાવનગર. | ૫,૧૦૦/- |
| શ્રી વિનોદકુમાર રામક્રિષ્ન સાઉ - ભાવનગર. | ૫,૦૦૧/- |
| શ્રી કાલિન્દીબેન પારેખ - બેંગ્લુરુ. | ૫,૦૦૦/- |
| સ્વ. યોગીનીબેન તથા સ્વ. રમ્યકેતુ એમ. મહેતાના સ્મરણાર્થે - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી અનિલ એન્ડ મોન્ટુ કું. - બોટાદ. | ૫,૦૦૦/- |
| શ્રી નરેન્દ્રભાઈ મનુભાઈ શેઠના સ્વર્ગવાસ નિમિત્તે - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી મહેન્દ્રભાઈ બી. મણીયાર - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી અલ્પેશભાઈ કે. શેઠ - ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રી રમેશભાઈ ડી. મહેતા - મુંબઈ. | ૫,૦૦૦/- |
| શ્રી અશોકભાઈ ધીરજલાલ દલાલ - મુંબઈ. | ૫,૦૦૦/- |
| શ્રી ભાવિનભાઈ ધનેશચંદ્ર જોષી - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી હિરલબેન દેવલભાઈ ઝાલા - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી વૈષ્ણવ સમાજ - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી ચંદ્રવદનભાઈ સી. મણીયાર - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી ઈન્દુભાઈ એમ. ત્રિવેદી - ભાવનગર. | ૫,૦૦૦/- |
| સ્વ. વિમળાબેન તથા અરવિંદભાઈ પારેખની સ્મૃતિમાં શ્રી અર્પૂવભાઈ પારેખ - ભાવનગર. | ૫,૦૦૦/- |
| શ્રી રાજેશભાઈ રમણીકલાલ મોદી - મુંબઈ. | ૫,૦૦૦/- |

**તમામ ઉદાર અને સહૃદયી દાતાઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

# ૧૧. વાલીઓનો પ્રતિસાદ

'અંકુર' શાળામાં મંદબુધ્ધિવાળા બાળકોની લેવાતી વિશિષ્ટ કાળજી, શિક્ષકો દ્વારા અપાતી નિયમિત અને સઘન તાલીમ, આચાર્યની હૂંફાળી સ્નેહ-સંભાળથી હવે આપ સૌ પરિચિત અને આશ્વસ્થ છો.

આવા વાતાવરણમાં સંભાળલેવાતાં આ અંકુરણ, વિકાસના પંથે પાંગરે છે. મંદબુધ્ધિવાળા બાળકોના વાલીઓ સાથે અમારે સતત અને કાયમી સંપર્ક હોય જ છે. અમારી આ કાળજી, તાલીમ અને દેખરેખનો તેઓ અમને ઉષ્માસભર અને ભાવસભર પ્રતિસાદ આપે છે. આવા કેટલાક વાલીઓની લાગણી આ પત્રોમાં છલકે છે. તો આવો, આપ પણ એ અનુભવો...

मेरा बेटा अविनाश साव जो अंकुर स्कूल में पढ़ता था वह स्कूल से डरता था आम विद्यालय में जाने से डरता था पर अंकुर में मेरा बच्चा आकर्षित होकर जाना चाहता था अंकुर विद्यालय में ऐसी व्यवस्था है जिससे सभी बच्चों आकर्षित और खुशी खुशी जाते है यहाँ खाने की वस्तु से लेकर बहुत कुछ मिलती है जिससे बच्चे का आकर्षण बना रहता है इसके साथ ही खेल-कूद, नाच, गाना कराया जाता है व्यायाम कराया जाता है जिससे बच्चों का सेहत और मन में प्रगति तथा विकास होती है। अविनाश के मन और मसतिष्क एंव व्यवहार में विकास हुआ है। अब वह एक कम्पनी में कार्यरत है। अंकुर विद्यालय से दिया गया रोजगार है। अंकुर विद्यालय एक संस्था द्वारा संचालित है।

अतः हम अंकुर विद्यालय और संस्था दोनों का आभारी आभारी है।

V.K. Shaw

Vinod Kumar Shaw

> ધન કરતાં જ્ઞાન એટલા માટે ઉત્તમ છે કે ધનની રક્ષા તમારે જ કરવી પડે છે. જ્યારે જ્ઞાન તો પોતે જ તમારી રક્ષા કરે છે.

તા.૧૫.૫,૨૦૧૭

માનનીય ટ્રસ્ટી તથા શિક્ષકગણ,

મારું બાળક હીમાન્શું રમેશભાઈ ડોડા અંકુર સ્કુલમાં 13 વર્ષ અભ્યાસ કર્યો. જ્યારે મારું બાળક અંકુર સ્કુલમાં દાખલ થયું ત્યારે કોઈ પ્રકારની ખબર નહોતી પડતી. પરંતુ અત્યારે ખૂબજ આનંદ થાય છે. કે 13 વર્ષ બાદ મારું બાળક અંકુર સ્કુલમાંથી ઘડાઈ ને બહાર આવ્યું છે. હાલ મારું બાળક મને 3000/- રૂપયા કમાઈ છે. તથા મારા ધંધામાં મને પુરતો સહકાર આપે છે. મારું બાળક પોતા પોતાની ક્રીયા પણ જાતે કરી શકતો નહોતો. જેમાં અંકુર શાળાની મદદથી કપડા પહેરવા, બ્રશ કરવું, નહાવું-ટોઇલેટ જવું વગેરે બધી જ ક્રીયા અંકુર શાળાની મદદથી પોતાની જાતે ક્રીયા કરી શકે છે. આથી હું અંકુર શાળાનો ખૂબ ખૂબ આભાર માનું છું. તથા મારા બાળકને અંકુર શાળાએ નવી જીંદગી જીવતા શીખવ્યું એ બદલ હું અંકુર શાળાનો ખૂબ ખૂબ આભાર માનું છું.

— લી. રમેશભાઇ બચુભાઈ ડોડા
હીમાન્શું નાં વાલી

જીત પ્રદીપભાઇ ચાવડા મારૂ બાળક પહેલા સરૂઆત માં બાળક હતુ પણ ત્યા લેવે સારા છોકરા પરથી તકલીફ પડતી હતી અને તે તેના વિચારો કાઈપણ વ્યક્ત કરી શકતો નહોતો પણ આ સ્કુલ માં આવ્યા પછી મારા બાળક માં ઘણી સમતા છે કે હુ પણ કંઇક કરી શકુ એમ હુ અને અને પડકતા નહોતુ આવડતુ તે અત્યારે ૧૧ના ૩ બાવે છે અને સારૂ બોલે છે સ્કુલ ની વાત બધી ઘરે કરે છે અને બધા સાથે સારો વ્યવહાર કરે છે અને નાના મોટાની સમજ સારી આવી છે કે મોટાને માન આપવુ અને બધુ આ સ્કુલમાંથીજ આવ્યો છે અને. આ સ્કુલ માં આવ્યા પછી ઘણો ફેર છે અને સારૂ વર્તન કરે છે. બધા વાલી ખુબજ ખુશ છે અને આ સ્કુલ તથા સ્ટાફ તથા ટીચર નો ધન્યવાદ માને છે કે અમારૂ બાળક અંહીયા સારૂ થશે

લી. જીજ્ઞાબેન પી. ચાવડા

આયા જ્યારે અંકુર સ્કૂલમાં દસ વર્ષ પહેલા પ્રવેશી. ત્યારે એ એક જગ્યાએ સ્થિર બેસતી રહેતી નોહતી. મને એમ થતું કે મારી દિકરી શું કરશે ?

ત્યારે એકવાર. નટરાજ કોલેજમાં આ દિવ્યાંગ બાળકોનો સ્ટેજ પ્રોગ્રામ જોયું ત્યારે મને એમ થયું કે મારી દિકરી ક્યારે આ સ્ટેજ પર પહોંચશે ?

બસ ત્યાંથી મારી દિકરાનો સમય પાછું થયો કે આજે એ અંકુર સ્કૂલમાંથી પેપરબેગ. પાવડરકોટિંગ. ડાન્સ. રમત-ગમત. માં સારું કાર્ય કરી શકે છે.

તો માત્ર અંકુર સ્કૂલના સાથ સહકારથી કુતી માફું પણ બાજુ માં તરીકેની ફરજ અંકુર સ્કૂલે પુરેપુરી બજાવી છે.

કહેવત છે ને કે.

કુમળા પાનનું ફરવું ને એમાંથી
મોટું વડલો બનાવું એનું
નામજ અંકુર.

ભાવ. ડી. ચાવડા.

સજ્જનોનું લેવાનું પણ આપવા માટે જ હોય છે. જેમકે વાદળોનું, એ ધરતીની નદીઓથી પાણી લે છેઅને પછી એને જ પાછું આપી દે છે.

# ૧૨. અંકુર પરિવાર




## ૧૨.૧. બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અનંતરાય કે. શાહ | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૨. | શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર | ટ્રસ્ટી |
| ૩. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | ટ્રસ્ટી |
| ૪. | શ્રી વિનોદરાય એન. હકાણી | ટ્રસ્ટી |
| ૫. | શ્રી અનંતરાય એચ. રાવળ | ટ્રસ્ટી |
| ૬. | શ્રી રાજેશભાઇ એન. હકાણી | ટ્રસ્ટી |
| ૭. | શ્રી દેવેન્દ્રભાઈ આર..શેઠ | ટ્રસ્ટી |
| ૮. | શ્રી ઉદયભાઈ એચ. ભટ્ટ | ટ્રસ્ટી |
| ૯. | શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ | ટ્રસ્ટી |

## ૧૨.૨. કારોબારી સમિતિના સભ્યો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અનંતરાય કે. શાહ | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૨. | શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર | પ્રમુખ |
| ૩. | શ્રી દેવેન્દ્રભાઈ આર. શેઠ | ઉપપ્રમુખ |
| ૪. | શ્રી અનિરુધ્ધસિંહ ગોહિલ | ઉપપ્રમુખ |
| ૫. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | માનદ્ મંત્રી |
| ૬. | શ્રી વિનોદરાય એન. હકાણી | ટ્રેઝરર |
| ૭. | શ્રી અનંતરાય એચ. રાવળ | સભ્ય |
| ૮. | શ્રી રાજેશભાઇ એન. હકાણી | સભ્ય |
| ૯. | શ્રી ઉદયભાઈ એચ. ભટ્ટ | સભ્ય |
| ૧૦. | શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ | સભ્ય |
| ૧૧. | શ્રી અનંતરાય એ. શાહ | સભ્ય |
| ૧૨. | શ્રી દિપકભાઇ જે. તળાજીયા | સભ્ય |
| ૧૩. | શ્રી પ્રફુલભાઇ એસ. વેલાણી | સભ્ય |
| ૧૪. | શ્રી જયેશભાઈ ટી. દેસાઈ | સભ્ય |
| ૧૫. | શ્રી પારસભાઈ સી. શાહ | સભ્ય |
| ૧૬. | શ્રી નીશીથભાઈ મહેતા | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૭. | શ્રી હર્ષકાન્તભાઈ પી. રાખસીયા | સભ્ય |
| ૧૮. | શ્રી ડો. ડી. જે. ધંધુકીયા | સભ્ય |
| ૧૯. | શ્રી દેવલભાઇ જે. શાહ | સભ્ય |
| ૨૦. | શ્રી કમલેશભાઇ કે. ભડીયાદ્રા | સભ્ય |
| ૨૧. | શ્રી બિંદીબેન ડી. ત્રિવેદી | સભ્ય |
| ૨૨. | શ્રી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય |

## ૧૨.૩. સ્ટેન્ડીંગ કમિટીના સભ્યશ્રીઓની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ | ચેરમેન |
| ૨. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | સભ્ય |
| ૪. | શ્રી વિનોદરાય એન. હકાણી | સભ્ય |
| ૪. | શ્રી ઉદયભાઈ એચ. ભટ્ટ | સભ્ય |
| ૫. | શ્રી જયેશભાઈ ટી. દેસાઈ | સભ્ય |
| ૬. | શ્રી પારસભાઈ સી. શાહ | સભ્ય |
| ૭. | શ્રી હર્ષકાન્તભાઈ પી. રાખસીયા | સભ્ય |
| ૮. | શ્રી દેવલભાઈ જે. શાહ | સભ્ય |
| ૯. | શ્રી અનંતરાય એ. શાહ | સભ્ય |

## ૧૨.૪. સ્ટાફ પરિવાર (ગવર્નમેન્ટ સેટઅપ)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મેઘજીખાન કે. સાયબાણી (B.A,D.S.E. & B.Ed. (M.R)) | આચાર્ય |
| ૨. | શ્રી વર્ષાબેન જી. પટેલ (M.A, TTNC) | ઉદ્યોગ શિક્ષક |
| ૩. | શ્રી પારૂલબેન બી. પાઠક (M.A, D.S.E. & B.Ed. (M.R.)) | સ્પે. એજ્યુકેટર |
| ૪. | શ્રી જયપાલસિંહ જે. ગોહિલ (B.A, D.S.E. & B.Ed.(MR)) | સ્પે. એજ્યુકેટર |
| ૫. | શ્રી બકુલાબેન સી. ચૌધરી (M.A, D.S.E. & B.Ed.(MR)) | સ્પે. એજ્યુકેટર |
| ૬. | શ્રી નેહલબેન આર. ગઢવી (B.A, D.S.E. & B.Ed.(MR)) | સ્પે. એજ્યુકેટર |
| ૭. | શ્રી રેશ્માબેન એ. શાહ (M.A.,D.S.E. & B.Ed. (M.R) M.A. Edu.,D.E.N.) | સ્પે. એજ્યુકેટર |
| ૮. | શ્રી પારસભાઈ એમ. પરમાર (M.Com.,D.S.E. (M.R.)) | સ્પે. એજ્યુકેટર |
| ૯. | શ્રી હરદીપભાઈ જે. કામળીયા (M.A.,D.S.E. (M.R.)) | સ્પે. એજ્યુકેટર |
| ૧૦. | શ્રી હીનાબેન બી. ગળથરીયા (M.A. B.Ed (HI), TTNC) | ઉદ્યોગ શિક્ષક |
| ૧૧. | શ્રી વિનુભાઇ જે. રાઠોડ (B.Com) | એકાઉન્ટન્ટ |
| ૧૨. | શ્રી રહીશમહંમદ એ. કાદરી | એટેન્ડન્ટ |

## ૧૨.૫. સ્ટાફ પરિવાર. (ટ્રસ્ટ સેટઅપ)

| | | |
|---|---|---|
| ૧. | ડો. ભાવનાબેન પી. અંધારીયા ( Ph.D. (Music), Sp. B.Ed. (M.R.)) | મ્યુઝીક થેરાપીસ્ટ |
| ૨. | શ્રી ક્રિષ્નાબેન કે. રૂપેરા (B.A, Sp. B.Ed. (M.R)) | સ્પે. એજ્યુકેટર |
| ૩. | શ્રી કોમલબેન એ. રૂપેરા (M.Com, T.T.N.C. Pre-P.T.C.) | ઉદ્યોગ શિક્ષક |
| ૪. | શ્રી રિધ્ધીબેન વી. મહેતા (B.A., D.S.E. (M.R.)) | સ્પે. એજ્યુકેટર |
| ૫. | શ્રી પ્રતિક્ષાબેન વી. નાવડીયા (M.A., B.Ed. T.T.N.C.) | શિક્ષક |
| ૬. | શ્રી રાધિકાબેન એચ. રાઠોડ ( BPT ) | ફિઝીયોથેરાપીસ્ટ |
| ૭. | શ્રી પ્રજ્ઞાબેન આર. ચૌહાણ (S.S.C. Pre. P.T.C.) | શિક્ષક |

| | | |
|---|---|---|
| ૮. | શ્રી ભાવનાબેન એચ. વર્મા (B.A., Pre. P.T.C.) | શિક્ષક |
| ૯. | શ્રી અમિતાબેન આર. પટેલ | શિક્ષક |
| ૧૦. | શ્રી મોનાલીબેન એમ. ઉપાધ્યાય (H.S.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૧. | શ્રી અનસુયાબેન ડી. બારડ (S.S.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૨. | શ્રી શમીમબેન જે. મકવાણા (H.S.C., TTNC) | કેર ગીવર્સ |
| ૧૩. | શ્રી પારૂલબેન એમ. મજેઠીયા (S.S.C.) | કેર ગીવર્સ |
| ૧૪. | શ્રી પ્રતિભાબેન એસ. રાણા (S.S.C.) | કેર ટેકર |

### ૧૨.૬. ઓફિસ સ્ટાફ (ટ્રસ્ટ સેટઅપ)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પરીક્ષિતભાઈ એસ. ભટ્ટ (M.B.A.) | એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર |
| ૨. | શ્રી પ્રમોદભાઈ સી. ગાંધી (B.Com,) | ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ |
| ૩. | શ્રી મયુરભાઈ ડી. રાઠોડ (H.S.C.) | કોમ્પ્યુટર ઓપરેટર |
| ૪. | શ્રી આરીફભાઈ એસ.જેઠવા (B.A., D.S.E. (M.R.)) | લાઈબ્રેરીયન |
| ૫. | શ્રી ભાવિષાબેન એમ. પારેખ (B.Com) | રીસેપ્શનીસ્ટ |

### સહાયકો

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નરેશભાઇ બી. ચૌહાણ | એટેન્ડન્ટ |
| ૨. | શ્રી ઉમાબેન જે. ગોહેલ | એટેન્ડન્ટ |
| ૩. | શ્રી હંસાબેન જી. ધોળકીયા | એટેન્ડન્ટ |
| ૪. | શ્રી રેખાબેન બી. ચુડાસમા | કેર ટેકર |
| ૫. | શ્રી નરેન્દ્રભાઈ એ. ગોહેલ | સ્વીપર |
| ૬. | શ્રી ચીથરભાઈ પી. ચોહલા | ચોકીદાર |
| ૭. | શ્રી સોનલબેન આર ચોહલા | ચોકીદાર |

### ૧૨.૭. સહયોગી સંસ્થાઓ, વોલેન્ટિયર્સ અને મિડીયા પાર્ટનર્સ

- પી.એન.આર. સોસાયટી, ભાવનગર
- વી. સી. લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર.
- આર.સી.આઈ., ન્યુ દિલ્હી
- એન.આઈ.એમ.એચ. - સીકંદરાબાદ
- નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી
- સ્પેશ્યલ ઓલમ્પીકસ, ગુજરાત અને ન્યુ દિલ્હી
- સ્નેક, અંધજન મંડળ, અમદાવાદ
- કે.જી.પટેલ ચિલ્ડ્રન હોસ્પીટલ, વડોદરા
- સમગ્ર પ્રીન્ટ તથા ઈલેક્ટ્રોનીકસ મીડીયા
- વિકાસ વર્તુળ ટ્રસ્ટ, વિજ્ઞાનનગરી, ભાવનગર
- શૈશવ, ભાવનગર.
- ગૌતમ મેડીકલ સ્ટોર્સ, ભાવનગર.
- ઓડીટર્સ : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ- પી.જી. હેમાણી, ભાવનગર.
- બેંકર્સ : એસ.બી.આઇ. સરદારનગર તથા કૃષ્ણનગર, ભાવનગર.
- બેંકર્સ : બેંક ઓફ ઈન્ડિયા કૃષ્ણનગર ભાવનગર.

# : દાનની અપીલ :


માનસિક વિકલાંગ બાળકોની ખોડંગાતી જિંદગીની વેદના, તેના સદાય ચિંતિત મા-બાપની જીવનભરની વ્યથાનો પ્રત્યક્ષ અનુભવ કરવા આ સાધનાક્ષેત્રની મુલાકાત લેવા માટે આપ સૌને અમારું આમંત્રણ છે.

**Mentally Handicapped are Victims of fate, they should not be victims of our Neglect.**

આ અભિશપ્ત બાળકને ખિલવવું અને હસાવવું એ ઈશ્વરની ઉપાસનાથી જરાય ઓછું નથી. આ પરમાર્થિક સેવાયજ્ઞમાં જોડાવા અને ઉદાર હાથે દાન આપવા આપને હાર્દિક અપીલ છે.







### આપ ડોનેશન ઉપરાંત આ રીતે પણ સહાય કરી શકો છો...

- આપની વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ આવડતનું અમારી સાથે સંકલન અને સંયોજન કરીને...
- શાળાના જરૂરીયાતમંદ બાળકોને દત્તક લઈને...
- વિકલાંગ બાળકોના કલ્યાણ અને ઉત્થાન માટેના કાર્યક્રમો સ્પોન્સર કરીને...
- માનસિક વિકલાંગો દ્વારા બનાવેલ હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ ખરીદીને...
- મંદબુધ્ધિ ધરાવતી વ્યકિતને તેને અનુરૂપ નોકરી-રોજગારી આપીને...
- પારિવારિક, સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક ક્ષેત્રે મંદબુધ્ધિ વ્યકિતના સ્વિકાર અને સમાયોજન દ્વારા...

માનસિક વિકલાંગ બાળકોનાં જીવનની આજ અને આવતીકાલને બહેતર બનાવવા, આવો આપણે સૌ સાથે મળીને પુરૂષાર્થ કરીએ.

: નીચે જણાવેલ નામના ચેક/ડ્રાફ્ટ દ્વારા સહાય મોકલી શકાશે :

'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

Ankur Special School for Mentally Retarded Children

Bank Name : State Bank of India, Sardarnagar Branch, Bhavnagar.

Saving Account No. : 31292832150 IFSC Code : SBIN0060288

ખેતરમાં વાવેલ બધાજ બી ફળશે નહિ, પરંતુ જીવનમાં વાવેલુ સત્કર્મનુ એકેટ બીજ નકામુ જતુ નથી.

હમેશા મંદિરોં - મસ્જિદ મેં વો નહીં રહતા
સુના હૈ બચ્ચોં મેં છુપ કર વો ખેલતા ભી હૈ !

- નીદા ફાઝલી.

પણ, આપણી કમનસીબી એ છે કે આપણે બાળકમાં ઈશ્વરને જોઈએ છીએ પણ ઈશ્વરને બાળકમાં નથી જોતાં, તેથી જ આ પૃથ્વી પરનું દરેક બાળક એક અથવા બીજા સ્વરૂપે તરછોડાયેલું અને મૂરઝાયેલું છે. આપણે અત્યંત અસંવેદનશીલ છીએ, બગીચાનો છોડ બળી જાય કે શેરીમાંનું બાળક મૂરઝાઈ જાય પણ આપણને ફેર નથી પડતો, જાણે કે માણસજાતનું કેન્દ્ર સત્તા, સંપત્તિ, સમૃધ્ધિ, નામ, પ્રતિષ્ઠા જ હોય બીજું કશું નહીં, આપણે એક એવી માનવ સભ્યતાના સભ્ય છીએ.

જ્યાં માનવતા ખંડિત છે અને માનવ્ય ખંડ-ખંડ છે. અહીં આ કાળમાં અન્ય થાકેલાં અને હારેલાં, લથડતાં અને હાંફતા એવા અન્ય જીવન-યાત્રીનો હાથ પકડીને ચાલવું એ અનન્ય સિધ્ધિ છે. નગરની એકમાત્ર મંદબુધ્ધિ બાળકોની શાળા 'અંકુર' આ સાર્થકય્ મેળવી ચૂકી છે. 'અંકુર' એટલે સાડાત્રણ દાયકાનો અલૌકિક બાલપ્રેમ-મૈત્રીનો યજ્ઞ. આખો સમાજ જ્યારે સામાન્ય બાળકો માટેની આવતીકાલની તૈયારીમાં વ્યસ્ત છે. ત્યારે 'અંકુર' મંદબુધ્ધિ બાળકોની આજને અર્થપૂર્ણ બનાવવાની મથામણ કરે છે.

અંકુરની મથામણ આવી કંઈક છેઃ
નથી બોલી શકતા તેને સાંભળવાની,
નથી ચાલી શકતા તેની સાથે ચાલવાની,
નથી સમજી શકતા તેને સમજવાની...

અંકુર એક એવી જીવનશાળા છે જ્યાં અભ્યાસક્રમ અને પાઠયપુસ્તકોનું કેન્દ્ર આ બાળકો જ છે. જો આવા બાળકોની અસમર્થતા આપણે ન પામી શકીએ તો આપણે પણ અસમર્થ અને અપાત્ર કહેવાઈએ, આ બાળકોની આંખોમાં અમે સૌ અંતહિન પ્રશ્નો વાંચીએ છીએઃ

અમારી સાથે વાતો કરે તેવો દોસ્ત ક્યાં છે?

અમે નાચી શકીએ તેવું રંગમંચ ક્યાં છે?

અમારું ઉડવાનું આકાશ ક્યાં છે?

અંધકારમાં સાથે ચાલે તેવો સાથીદાર ક્યાં છે?

અમારો 'જેવા છીએ એવો' સ્વીકાર કરે તેવી સભ્યતા ક્યાં છે?

જીવનની વસંત-પાનખર વહેંચે તેવો ભાગીદાર ક્યાં છે?

આ મંદબુધ્ધિ બાળકો પણ પરમનો જ સંદેશ છે. પણ સંદેશ થોડોક તૂટક-તૂટક અને ખંડિત છે.

અને હા, અવાજમાં કંપન છે. પણ છતાં આપ આવો, આપણે સૌ તેને સાંભળીએ અને સંભાળીએ.

તેમને બે પળ આપીએ,

તેમની સાથે સંવાદ રચીએ,

''માનવ્ય'' મરી પરવાર્યુ નથી તેવી બાંહેધરી તેમના માતા-પિતા અને સંસ્થાને આપીએ.



આવો, આપણે સૌ હૃદયખંડના એક પાવક ખૂણે આવા એક બાળદેવની પ્રતિષ્ઠા કરીએ...

'અંકુર' ભાવનગર નામે નગર ની ગૌરવ અને ગરિમા છે. ઓળખ અને અસ્મિતા છે. આપ પધારો, આપની પ્રતિક્ષા રહેશે...



અમે સમગ્ર પરિવાર પ્રતિક્ષાને જ પ્રાર્થના સમજીને ઉભા છીએ...

- નેહલબેન ગઢવી

# <u>સંસ્થાની જરૂરીયાતની યાદી</u>

| ક્રમ | | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૧. |     | **વર્ષ દરમ્યાન શાળામાં ઉજવાતા વિવિધ પર્વો અંગેના અંદાજીત ખર્ચની વિગત**<br>રક્ષાબંધન ૧૦,૦૦૦/-<br>જન્માષ્ટમી ૧૦,૦૦૦/-<br>સ્વાતંત્ર્ય દિવસ ૧૦,૦૦૦/-<br>નવરાત્રિ પર્વ ૫૦,૦૦૦/-<br>દિપાવલી ૧૫,૦૦૦/-<br>માનસિક વિકલાંગ દિવસ ૨૫,૦૦૦/-<br>ઉત્તરાયણ ૧૦,૦૦૦/-<br>પ્રજાસત્તાક દિવસ ૧૦,૦૦૦/-<br>ધૂળેટી/હોળી ૧૦,૦૦૦/- | ૧,૫૦,૦૦૦/- |
| ૨. |   | શાળાના વર્ગો માટે ડીઝાઈનર ફર્નીચર, તથા બાળકોના ટીફીન તેમજ સ્કુલ બેગ મુકવા માટેના કબાટ. | ૩,૦૦,૦૦૦/- |
| ૩. |   | રમત-ગમત તાલીમ સહાય ફંડ | ૧,૦૦,૦૦૦/- |
| ૪. |  | વોટર પ્યોરીફાયર પ્લાન્ટ | ૧,૫૦,૦૦૦/- |

# <u>સંસ્થાની જરૂરીયાતની યાદી</u>

| ક્રમ | | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|
| ૫. |  | યુનિફોર્મ સહાય<br>એક બાળક યુનિફોર્મ ખર્ચ ૭૦૦ ૨ ૨<br>(બે જોડી) રૂા. ૧૪૦૦/-<br>૧૮૦ (બાળકો) ૨ ૧૪૦૦/- રૂા. ૨,૫૨,૦૦૦/- | ૨,૫૨,૦૦૦/- |
| ૬. |  | રીક્ષા સહાય ૬૫૦ (રીક્ષા ફી) X ૧૧<br>માસ = ૧૩,૬૫૦/-<br>૨૧ (બાળકો) X ૧૩,૬૫૦/-<br>◆ જરૂરીયાત વાળા બાળકોની સંખ્યા ૪૦ | ૨,૮૬,૬૫૦/- |
| ૭. |  | સેન્સરી થેરાપી સાધનો | ૩,૫૦,૦૦૦/- |
| ૮. |  | સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ | ૧૦,૦૦,૦૦૦/- |
| ૯. |  | નિરામય હેલ્થ ઈન્સ્યોરન્સ (મેડીકલેમ)<br>૧ વિદ્યાર્થી દીઠ ૫૦૦ (વાર્ષિક) | ૯૦,૦૦૦/- |
| ૧૦. |  | સ્વાસ્થ્ય વર્ધક નાસ્તાના | ૫૦૦૦/-<br>એક દિવસના |

**"આ મનોદિવ્યાંગ બાળકોની જરૂરિયાત નથી તેના વિકાસના પગથિયા છે."**

**Late Bhavsar Khamalaxmiben D. Talajiya**
**"ANKUR" SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN (TRUST) - BHAVNAGAR**
**Balance Sheet of Trust A/c., School A/c. and Other Sections as at 31st March, 2017**

| 2016 | Rs. | Funds & Liabilities | 2017 | Rs. | 2016 | Rs. | Assets | 2017 | Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **FUNDS:** | | | | | **School building A/c.** | | |
| | | **(A) Trust A/c.** | | | 10653200 | | As per Last Year | 10653200 | |
| 3695444 | | Permanent Funds Sch-1(A) | 3698154 | | 0 | 10653200 | Addition during the year | 0 | 10653200 |
| 11285530 | | Building Funds Sch-1(B) | 11785530 | | | | **Dead Stock Furniture & Equipments** | | |
| 1186514 | | Dead stock& Sadhan Fund Sch-1(C) | 1636514 | | | | **(A) Trust** | | |
| 1985795 | | Other Fund Sch-1(D) | 2237002 | | 1816816 | | As per Last Year | 2015324 | |
| 443272 | 18596555 | Depreciation Fund Sch-1(E) | 570880 | 19928080 | 198508 | 2015324 | Addition during the year | 536842 | 2552166 |
| | | | | | | | **(B) School** | | |
| 126145 | 126145 | **(B) School Dead Stock & Equipment Fund** | 126145 | 126145 | 126145 | | As per Last Year | 126145 | |
| | | | | | 0 | 126145 | Addition during the year | 0 | 126145 |
| | | **(C) 35 AC Corpus Fund** | | | | | **(C) T. T. College Dead stock** | | |
| 13187500 | | As per Last Year | 15813500 | | 149418 | | As per Last Year | 149876 | |
| 2626000 | 15813500 | Add: Received during the year | 686500 | 16500000 | 458 | 149876 | Addition during the year | 0 | 149876 |
| | | **(D) 35 AC Recuring Fund** | | | | | **(D) SUNDRY DEBTORS** | | |
| 624988 | | As per Last Year | 1481988 | | 316913 | | Servesiksha Abhiyan Project - PNR | 270039 | |
| 857000 | 1481988 | Add: Received during the year | 18000 | 1499988 | 65000 | | Social Defence Dept. | 65000 | |
| | | | | | 18067 | | T.D.S. Deduction | 11350 | |
| | | | | | 7500 | 407480 | National Trust | 48500 | |
| | | | | | | | Horizon | 20000 | 414889 |
| | | **(E) T. T. College Fund** | | | | | **(E) F.D.Rs. with Bank & Investment** | | |
| 149876 | 149876 | Furniture & Equipment Fund | 149876 | 149876 | 3400000 | | Trust | 4900000 | |
| | | | | | 16451000 | | 35 AC | 16451000 | |
| | | **(F) Creditors & Liabilities:** | | | 19903 | | Int. accrude on FDR Trust | 31645 | |
| 7579 | 7579 | Trust A/c. | 11745 | 11745 | 143026 | 20013929 | Int. accrude on FDR 35 AC | 140449 | 21523094 |
| | | | | | 104070 | 104070 | **(F) Deposits Otheras - Trust** | 104070 | 104070 |
| | | | | | | | **(G) Savings & Current A/c.** | | |
| | | | | | 627234 | | Trust | 534075 | |
| | | | | | 401810 | 1029044 | 35 AC | 3177 | 537252 |
| | | | | | 7268 | 7268 | **(H) Cash on Hand - Trust** | 16537 | 16537 |
| | | | | | | | **(I) Branch\Sub-Section** | | |
| | | | | | 3777 | 3777 | FCRA A/c. | 3777 | 3777 |
| | | | | | | | Teachers Training College | | |
| | | | | | | | **(J) Income & Expenditure A/c.** | | |
| | | | | | | | **(Dr. Balance)** | | |
| | | | | | 1158893 | | Balance As per Last Year | 1665530 | |
| | | | | | 506637 | 1665530 | **Plus:Deficit during the Year** | 469298 | 2134828 |
| | **36175643** | **Total Rs.** | | **38215834** | | **36175643** | **Total Rs.** | | **38215834** |

Verified & Found Correct
For **P.G. Hemani & Co.**
Chartered Accountants
**K. R. Shah**
(Partner)

**Vinodrai N. Hakani**
(Hon. Treasurer)

**Alpesh K. Sheth**
(Hon. Secretary)

**Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya &**
**Late Bhavsar Khamalaxmiben D. Talajiya**
**"ANKUR" SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN (TRUST) - BHAVNAGAR**
Consolidated Income & Expenditure A/c. of Trust A/c., School A/c. & Other Sections
**FOR THE YEAR ENDED 31ST MARCH, 2017**

| 2016 | Rs. | Expenditure | 2017 | Rs. | 2016 | Rs. | Income | 2017 | Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **Expenditure on Objects of the Trust** | | | | | **Donations** | | |
| 1634765 | | Trust A/c. | 364693 | | 463510 | | Trust A/c. | 550781 | |
| 177454 | | School A/c. | 91551 | | 3483000 | 3946510 | 35AC A/c. | 704500 | 1255281 |
| 401117 | | T. T. College A/c. | 172571 | | | | | | |
| 3218242 | 5431578 | School Pay & Salary | 5539855 | | | | **Grant Income - School A/c.** | | |
| | | Vikas Project Expenditure | 769543 | 6938213 | 3214788 | | Pay Salary Grant | 5511654 | |
| | | **Administrative Expenses** | | | 121118 | 3335906 | Maintenance Grant | 91755 | 5603409 |
| 95251 | | Trust A/c. | 1389577 | | | | | | |
| 93383 | 188634 | School A/c. | 103873 | 1493450 | | | **Interest Income** | | |
| 0 | | | | | 195644 | | Trust A/c. | 207737 | |
| | | **Property Expenses** | | | 1349692 | 1545336 | 35 AC Section | 1279849 | 1487586 |
| | | Taxes | 28800 | | | | | | |
| 28800 | | Repairs & Maintenance | 119382 | | | | **By Fees Income** | | |
| 316108 | | Provision For Depreciation | 127608 | 275790 | 155645 | 155645 | Teachers Training College | 88500 | 88500 |
| 100766 | 445674 | | | | | | | | |
| | | | | | 111748 | 111748 | **By Other Income** | | |
| | | **Audit Fees & Professional Fees** | | | | | Trust A/c. | 120804 | 120804 |
| 46056 | | Trust A/c. | 135675 | | | | | | |
| 6840 | 52896 | School A/c. | 6900 | 142575 | | | **Grant Income(Vikas Project)** | 529650 | 529650 |
| | | **Donation of 35AC Transfer To Funds.** | 704500 | 704500 | | | **Sub-Total** | | 9085230 |
| 3483000 | 3483000 | **Sub-Total** | | 9554528 | | | | | |
| | 9601782 | | | | | | | | |
| | | | | | | 506637 | **Deficit During the Year** | | 469298 |
| | **9601782** | **Total Rs.** | | **9554528** | | **9601782** | **Total Rs.** | | **9554528** |

Verified & Found Correct
For **P.G. Hemani & Co.**
Chartered Accountants

| **K. R. Shah** | **Vinodrai N. Hakani** | **Alpesh K. Sheth** |
|---|---|---|
| (Partner) | (Hon. Treasurer) | (Hon. Secretary) |



એક શુભેચ્છક



એક શુભેચ્છક

## "Ankur" is an NGO working under one umbrella of P.N.R. Society, Bhavnagar




## P.N.R. Society and Associate NGOs

Printed by : Shree Shivam Corp. 0278-2433384